૭૬૯ ૭૧૯

# સંશોધન સારસંગ્રહ

(વર્ષ ૨૦૦૩-૨૦૦૪)

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | નાયક-નાયકડા જાતિ તપાસ | ૧ થી ૫ |
| ૨. | ગુજરાતની એક અનુસૂચિત જનજાતિ:ચોધરી | ૬ થી ૧૫ |
| ૩. | આદિવાસીઓ માટેની ધિરાણ નીતિ | ૧૬ થી ૨૫ |
| ૪. | મેડીકલ અને એન્જીનીયરીગ કોલેજોમાં અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને સાધનો માટે અપાતી શૈક્ષણિક સહાય યોજના (બીસીકે-૧૪૧) મૂલ્યાંકન | ૨૬ થી ૩૨ |
| ૫. | સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમ મૂલ્યાંકન | ૩૩ થી ૩૮ |
| ૬. | પુનઃસ્થાપિત ગામોનો અભ્યાસ | ૩૯ થી ૪૩ |
| ૭. | Primitive Tribes of Gujarat | ૪૪ થી ૪૯ |
| ૮. | Summary of the survey study in respect of Powers, Privileges, duties and importance of Gram Sabha in context of Gujarat Panchayat Act, 1993 | ૫૦ થી ૫૯ |
| ૯. | આદિવાસીઓ પર થતા અત્યાચારો | ૬૦ થી ૬૧ |

# નાયક-નાયકડા જાતિ તપાસ

## (નસવાડી તાલુકાના કડદા અને ફેરકડા ગામના નાયક-નાયકડાઓનો સંયુક્ત અહેવાલ)

શ્રી જવસંતસિંહ રાઠોડ
શ્રી દેવચંદ વહોનિયા

**પ્રસ્તાવના :**

નસવાડી તાલુકાના ફેરકડા અને કડદાગામો સરદાર સરોવર નર્મદા યોજનામાં સંપૂર્ણ ડુબમાં ગયેલા ગામો છે. બન્ને ગામો નસવાડીથી ૫૦ થી ૬૦ કિ.મી. પૂર્વમાં આવેલા છે. ભૌગોલિક પરિસ્થિતિ જોતાં ડુંગરો અને નદીનાળાવાળો જંગલ વિસ્તાર હોઈ આજે પણ ગામ સુધી પહોંચવા માટે નજીકમાં નજીકના સ્થળેથી પણ ૧૦ થી ૧૫ કિ.મી. નદીનાળા, પહાડો ઓળંગી જંગલમાં ચાલતા જવું પડે છે. આમ આ દુર્ગમ વિસ્તારોના ગામોમાં રસ્તો કે વાહનવ્યવહારની તથા અન્ય કોઈ પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ નથી. આ બન્ને ગામોમાં આજદિન સુધી કોઈ સરકારી સેવાઓ કે પુનઃસ્થાપન વિભાગ દ્વારા પણ કંઈ કામ થયેલ જોવા મળ્યું નથી. આ ગામના લોકોના જણાવ્યા પ્રમાણે માત્ર ક્યારેક વર્ષમાં એક કે બે વાર જંગલ ખાતાના કર્મચારીઓ સિવાય અન્ય કોઈ સરકારી કર્મચારીઓ આવતા નથી. ભારત દેશમાં લોકશાહીની પ્રણાલી પ્રમાણે મત આપવાનો અધિકાર દરેક વ્યક્તિને હોય છે તેના આધારે આ ગામોમાં જંગલ ખાતાના કર્મચારીઓ ચૂંટણી વખતે મતદાન મથક ઉભું કરી લોકોને મત આપવાનો અધિકાર આપે છે અને તે મતપેટીઓ જંગલ ખાતાના કર્મચારીઓ માથે ઉંચકીને અન્ય સ્થળે લઈ જાય છે.

આઝાદીના ૫૬ વર્ષ પૂર્ણ કરવા છતાં પણ આજે ભારત દેશના આવા ગામોની હયાતીના નમૂનારૂપ આ કડદા, ફેરકડા ગામો છે. આ અહેવાલ તૈયાર કરવા માટેની સંયુક્ત ટીમને આ જંગલ વિસ્તારમાં ચાલીને જતાં ૧ કલાક ને ૪૦ મિનિટ લાગી હતી. જેનાથી અંદાજ આવે છે કે આ બન્ને ગામોના રહીશ આદિવાસીઓની શું સ્થિતિ હશે ! આ બન્ને ગામો શિડ્યુલ એરિયાના પહાડી, દુર્ગમ વિસ્તારો જે નર્મદા નદીનો ઘાટી વિસ્તાર કહેવાય છે.

**અભ્યાસની આવશ્યકતા :**

નસવાડી તાલુકાના કડદા અને ફેરકડા ગામોના નાયક/નાયકડા જાતિના લોકો અનુ.જન.જાતિના છે કે કેમ ? તે અંગેની સ્પષ્ટતા માટે સંયુક્ત કમિશનરશ્રી (યુ.વ.) નર્મદા સરોવર નિગમ ગાંધીનગરના માન. કમિશનરશ્રીના આદીજાતિ વિકાસ વિભાગ ગાંધીનગરના હુકમ/અ.સ.પત્ર ક્રમાંક/સ.સ.યુ.એ/આર.આર/આર.ઓ/જી.આર.એ/૨૦૦૧/૨૨/૦૫ તથા આદિજાતિ વિકાસ કમિશનરશ્રીના પત્ર ક્રમાંક ટીડીતા.સ.૦.૭૮૦ તથા તા.૨૮-૩-૦૩ના તકેદારી અધિકારી વડોદરાને લખેલ પત્ર ક્રમાંક અ.સ.પત્ર નં.ટી.ડી./તા.સ./૦.૭૮૦/૪૫૮-૪૬૧ની નકલ રવાના અનુસંધાને ગામ કડદા ફેરકડા તા.નસવાડી,

વડોદરાના નાયક-નાયકા જાતિના લોકો અનુ.જન.જાતિના છે કે કેમ ? તે અંગે તપાસ માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, તકેદારી અધિકારી વડોદરા અને નાયક કલેકટર ડભોઈની સંયુક્ત ટીમને આ અહેવાલ સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગને સુપરત કરવાના હેતુથી તા.૮-૫-૨૦૦૩ના રોજ કડદા-ફેરકડા ગામોની મુલાકાત સંયુક્ત ટીમને લેવાની જરૂરી બની.

નાયકડા જાતિના આ આદિવાસી લોકો વર્ષો પહેલાં આ બન્ને ગામોમાં વસવાટ શરૂ કર્યો ત્યારથી તેઓ પોતે નાયક તરીકે ઓળખાતા અને આ બન્ને ગામોમાં તેઓ ગણોતધારા હેઠળ મળેલી જમીનમાં ખેતી કરતા હતા તથા બીજી અન્ય જંગલ જમીન થોડી-ઘણી સાફ કરીને ખેતી કરતા હતા તેથી તેઓના નામે જમીન ન હતી. આમ જમીનની માલિકી ન હોવાના કારણે જયારે સરદાર સરોવરમાં ડુબમાં જતાં તેઓને પુનઃસ્થાપન કરવામાં આવ્યા ત્યારે જમીન માલિકી ધરાવતા ન હતા. તેથી તથા નાયક તરીકે ઓળખાતા હોવાથી તેઓને આદિવાસીઓને મળતાં લાભો ન મળી શક્યા. જયારે હકીકતમાં તેઓ આદિવાસી ભીલ કુટુંબો કરતાં પણ ખુબ જ ગરીબાઈમાં જીવન વ્યતીત કરતા હતા. આ બધી બાબતોને લઈને નર્મદા પુનઃવસવાટ વિભાગ દ્વારા આ જાતિનો અભ્યાસ આવશ્યક બન્યો હતો.

**અભ્યાસની પદ્ધતિ :**

આ અભયાસ કરવા માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ અને સરકારશ્રીના જુદા જુદા વિભાગોની સંયુક્ત તપાસ ટીમની રચના કરવામાં આવી જેમાં નીચે પ્રમાણેના અધિકારીશ્રીઓ આ સંયુક્ત ટીમમાં સામેલ હતા.

| | | |
|---|---|---|
| (૧) | સંશોધન અધિકારીશ્રી | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| (૨) | સંશોધન મદદનીશ | ,, ,, |
| (૩) | નાયબ કલેકટરશ્રી ડભોઈ | (રેવન્યુ વિભાગ) |
| (૪) | તકેદારી અધિકારીશ્રી, વડોદરા | આદિજાતિ વિકાસ વિભાગ |
| (૫) | મામલતદારશ્રી, ડભોઈ | રેવન્યુ |

સંયુક્ત ટીમે આ બન્ને ગામો કડદા, ફેરકડા વિશેની સરકારી રેકોર્ડ આધારિત તાલુકા સ્થળે મિટિંગ કરીને ચર્ચા કરી ત્યારબાદ ટીમ દ્વારા બન્ને ગામોની મુલાકાત લઈને બન્ને ગામોના રહીશો સાથે રૂબરૂ રહી આ નાયક-નાયકડા જાતિના લોકો વિશે અન્ય જાતિના લોકો સાથે ચર્ચા કરી.

સંયુક્ત ટીમ દ્વારા ખાસ કરીને નાયક અને નાયકડા જાતિના લોકો મૂળ ક્યાંના છે. ક્યારથી આ ગામોમાં રહે છે અને શું વ્યવસાય કરે છે તેના વિશે માહિતી મેળવતાં જાણવા મળ્યું કે તેઓ મૂળ આદિવાસી

ભીલ અને તેમની સ્થાનિક ભાષામાં ડુંગરા ભીલ તરીકે ઓળખાવે છે. ત્યારબાદ આ જાતિના ૫૦ વર્ષ પહેલાંનો ઈતિહાસ જાણવા માટે જુદા જુદા તેજાતિના લોકો સાથે ચર્ચા કરી અને આ ઈતિહાસ જાણતાં વડોદરા જિલ્લાના આજુબાજુના તાલુકાના આદિવાસી ભીલ જાણવા મળે છે. આમ અભ્યાસમાં નાયક-નાયકડા જાતિના ઈતિહાસનું સંકલન કરી સંદર્ભ લેવામાં આવ્યો છે.

નાયકા-નાયકડા જાતિના સામાજિક સંબંધો જાણવા માટે નાયક જાતિના બન્ને ગામોના કુલ ૬ કેસોને કેશસ્ટડીમાં લઈ તેમાંથી પસંદ કરીને સ્થળ પર તેવા લોકો સાથે ચર્ચા દ્વારા પેઢીનામું તૈયાર કરવામાં આવ્યું જેથી આ નાયક નાયકડા જાતિના આજુબાજુના ગામોમાં સામાજિક સંબંધો છે કે કેમ તે જાણી શકાયું તેના પરથી તેઓ વડોદરા જિલ્લાના કવાંટ, છોટાઉદેપુર વિસ્તારના નાયકા જાતિના આદિવાસી ભીલ નાયકાઓ તરીકે સ્પષ્ટ જાણી શકાય છે.

**તપાસમાં આવરેલ ગામો તથા નાયક-નાયકડા જાતિનો ટૂંકો પરિચય**

કડદા અને ફેરકડા બન્ને ગામોની માહિતી મેળવતાં આ ગામો ૧૦૦% આદિવાસી વસ્તીવાળા ગામો હતા અને નર્મદા સરોવરના અસરગ્રસ્ત થયાની તેઓ જુદી જુદી વસાહતોમાં પુર્નસ્થાપિત થયા છે છતાં હજુ કેટલાક કુટુંબો આ ગામોમાં વસવાટ કરે છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે કડદા-ગામની કુલ વસ્તી ૯૬૯ અનુ ુરકઢાનસ ૩૮૫ લોકોની હતી, જયારે કડદા ગામનું ક્ષેત્રફળ ૧,૬૧૧.૦૫ હેકટર અને ફેરકડા ગામનું ક્ષેત્રફળ ૭૩૮.૭૨ હેકટર દર્શાવવામાં આવ્યું છે.

કડદા, ફેરકડા બન્ને ગામોની બધીજ જમીન ડુંગરાળ તથા જંગલ જમીન હતી જેથી આશરે ૫૦ વર્ષ પહેલાં જયારે ફેરકડા ગામમાં ત્રણ નાયક પરિવારો ગામના આગેવાનની પરવાનગીથી ગામમાં વસવાટ કરવા આવ્યા ત્યારે ગણોતધારા હેઠળ તેઓને જમીન મળેલી હતી અને તેઓ આ જમીનમાં થોડીઘણી ખેતી કરીને તથા આખા ગામના પશુઓને ચરાવવાના વ્યવસાય સાથે અહિં આ ગામોમાં આવ્યા હતા તેઓ અહિં વસ્યા પહેલાં વડોદરાના ક્વાંટ, છોટાઉદેપુર વિસ્તારમાં હતા પણ પશુ ચરાવવાનો મુખ્ય વ્યવસાય હોવાના કારણે તેઓએ આ ગામોમાં સ્થળાંતર કરી વસવાટ કર્યો હતો. ધીરે ધીરે પશુપાલન સાથે ખેતી પણ કરતા હોવા છતાં તેઓના નામે જમીન ન હોવાના કારણે જમીન માલિકી હક્ક મળ્યો નહોતો અને જમીન માલિકી ન હોવાના કારણે તેઓને આદિવાસી તરીકેના લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે.

નાયકા, નાયકડા જાતિના આ આદિવાસીઓ મૂળ આદિવાસી નાયકા કહેવાય પણ વર્ષો પહેલાં તઓએ "નાયક" શબ્દપ્રયોગ તેમની જાતિમાં વાપર્યો હોવાના પરિણામે તેઓ આદિવાસી છે કે કેમ ? તે પ્રશ્ન ઉભો થયો હતો. તેઓના ઘરો અને ઘરવખરી જોતાં ખુબ ગરીબ પરિવારો જોવા મળે છે. છુટાછવાયા ઝુંપડાં અને એક ઝુંપડામાં પોતાના પશુઓ સાથે જ તેઓ નિવાસ કરે છે. ત્યારબાદ તેઓના પહેરવેશ ઘરેણાં તથા ખોરાક વગેરેને આધારે તેઓ સ્પષ્ટ રીતે હાલમાં ક્વાંટ તાલુકા તથા છોટાઉદેપુર પંચમહાલમાં

વસવાટ કરતા નાયકા જાતિના આદિવાસીઓથી અલગ પઢતા નથી. તેમજ તેઓની ધાર્મિક વિધિ, તહેવારો, લગ્નપ્રસંગો લગ્નવિધિ વગેરે પણ નાયકા આદિવાસીના જ છે.

**નાયકા જાતિના પેટા વિભાગો :**

નાયકા જાતિના મુખ્ય ત્રણ વિભાગો પડે છે. (૧) ઉંચા નાયકા (૨) નીચા નાયકા (૩) ચોળીવાળા નાયકા

**ગોત્ર વ્યવસ્થા :**

નાયકાઓમાં ગોત્ર વ્યવસ્થા છે. તેમાં બામણિયા, ખંગોર તરાવલા, ડામેરિયા, મેતા, ડોડવા, વાહકવા, મુંડાજવા, કળલિયા. આમ દરેક ગોત્રના સભ્યો એક જ લોહીના ગણાય છે તથા એક ગોત્રમાં લગ્ન થઈ શક નહિ. આમ આ ગોત્રને ધ્યાનમાં રાખતાં છોટાઉદેપુર અને નસવાડી તાલુકાના ફેરકડા, કડદા ગામના નાયક પણ આજ ગોત્ર ધરાવતા તથા એકબીજા સાથે સામાજિક સંબંધોથી જોડાયેલા હોવાનું જણાતાં તેઓ અનુ.જનજાતિમાં આવતા આદિવાસી નાયકાઓ છે.

**નિષ્કર્ષ :**

(૧) કડદા અને ફેરકડા સરદાર સરોવર નર્મદા યોજનામાં ડુંબાણમાં ગયેલા ગામો છે ત્યાં વર્ષોથી વસવાટ કરતા ડુંગરીભીલ નાયક, નાયકા અને રાઠવા જાતિના આદિવાસી કુટુંબોને પુનઃવસવાટ કરાવવામાં આવ્યો છે. આ બન્ને ગામો સો ટકા આદિવાસી ગામો હતા અને આ ગામોમાં વસવાટ કરતી જાતિઓ આદિવાસી યાદીમાં સમાવિષ્ટ જાતિઓ હોઈ નાયક જાતિના આદિવાસીઓને આદિવાસી તરીકે બાકાત રાખવી તે બંધારણ જોગવાઈ પ્રમાણે તેમની સાથે અન્યાય કરવા બરાબર હોઈ આદિજાતિની યાદીમાં પણ નાયક, નાયકા, નાયકડા તે દરેક આદિવાસી તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નાયક કે નાયકા જે વિસ્તારમાં રહે છે તે સંપૂર્ણ શીડ્યુલ એરિયા અને સોટકા આદિવાસી વસતિ ધરાવતા ગામો હોઈ તથા તેમનો તપાસ અહેવાલમાં પણ આદિવાસી તરીકેના તમામ માપદંડ જેમ કે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિ અને શૈક્ષણિક બાબતો જોતાં તેમના જે માપદંડો છે તે પણ ખરા ઉતરેલ હોય તેમના અંગે શંકા રાખ્યા સિવાય આ બન્ને ગામોના નાયક જાતિના કુટુંબોને આદિવાસી ગણી તેમને આદિવાસી ને મળતા તમામ લાભો મેળવવા ને હકકદાર છે.

(૨) બન્ને ગામોના નાયક / નાયકા આદિવાસીઓ પાસે જમીન નથી તે નિર્વિવાદ વાત છે પણ જમીન નહીં હોવા એ આદિવાસીનું માપદંડ નથી કારણકે આદિવાસીઓ મૂળે જંગલ અન પહાડી વિસ્તારોમાં વસવાટ કરતી જાતિઓ છે. નાયક કે નાયકાએ અતિ પછાત અને આદિવાસીઓના ઢોર ચરાવવા, જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવી, મચ્છીમારી નાના મોટા શિકાર કરી જીવન નિર્વાહ કરતી જાતિ હોઈ તેમની પાસે જમીન ઘણી ઓછી અથવા જમીન

વિહોણાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. જયાં જીવન નિર્વાહ ચાલે તે ગામમાં જઈ વસવાટ કરતા હોવાના કારણે તેઓ પાસે જમીનો પહેલાંથી જ નહતી. વળી જયાં રહેતા ત્યાં ખરાબાની, જંગલની કે અન્ય પડતર જમીનોમાં વત્તા ઓછા પ્રમાણમાં પ્રાથમિક કક્ષાની ખેતી કરી જીવનનિર્વાહ કરતા માલુમ પડ્યા હતા. તેમની પાસે ઘર બાંધવા પણ જમીન ન હોવાથી ગામના આગેવાન પાસે ઘર બાંધવાની પરવાનથી મેળવી ફળિયાથી કે ગામથી થોડુ દુર જયાં જંગલ કે ખરાબાની જમીન હોય ત્યાં છાપરૂં બનાવી વસવાટ કરતા અને ગામના ઢોર ચરાવવાનું કામ પ્રથમ સંભાળતા. ફેરકડાના જે ત્રણ નાયક કુટુંબો પાસે જમીન છે તે પણ તેમને ગણોત ધારા પ્રમાણે મળેલી છે જે તેમની માલિકી કે વારસાઈ જમીન કહી શકાય નહી.

(૩) મોટાભાગે ઊંડાણ અને છેવાડાના ગામોમાં રહેતા નાયકા કુટુંબો ઘણી રીતે પછાત રહી જવા પામ્યા છે કારણકે સરકારી વિકાસ યોજનાઓના લાભો પણ તેમને છેલ્લામાં છેલ્લા પહોંચે. ખેતી અંગેનો કોઈ લાભ જમીન ધારણ શક્તિ નહીં હોવાથી મળે નહીં. બન્ને ગામોમાં આજદિન સુધી રસ્તા કે પ્રાથમિક શાળાની પણ સગવડ નહીં હોવાથી તેમનામાં શિક્ષણ તો હોય જ કેવી રીતે.

આમ દરેક પાસાંને ધ્યાનમાં લઈ બન્ને ગામના નાયક, નાયકા કે નાયકડા જે પણ લખવામાં લખાવ્યું હોય તેને માન્ય રાખી તેમને આદિવાસી તરીકેના લાભો મળવા જોઈએ તેવું અમારી સંયુક્ત તપાસ સમિતિનું મંતવ્ય અને અભિપ્રાય છે.

# ગુજરાતની એક અનુસૂચિત જનજાતિ : ચોધરી

શ્રી ચંદ્રકાન્ત એસ. પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસી જાતિઓના મોનોગ્રાફ અભ્યાસ કરવા તે અનુસંધાને અભ્યાસો હાથ ધરાય છે. તેવી રીતે ચાલુ વર્ષ ૨૦૦૩માં ચોધરી જાતિનો અભ્યાસ હાથ ધરાયો હતો. એ રીતે રાજ્યની મુખ્ય આદિવાસી જાતિઓમાં ચોધરી જાતિ પર સંશોધન કરી તેની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતોને પરિવર્તનના સ્વરૂપે આવરી લઈ અભ્યાસ હાથ ધરાયો હતો.

**વિસ્તાર, વસ્તી અને ઐતિહાસિક :**

ચોધરી જાતિના અભયાસ માટે સુરત જિલ્લાના ચાર તાલુકાના વાલોડ (રાનવેરી), વ્યારા (કપુરા), માંગરોળ (આંબાવાડી), માંડવી (દેવગઢ) ગામ પસંદ કરીને કુલ ૫૦ કુટુંબોને પસંદ કરવામાં આવ્યા હતા. તેઓની વસ્તી ભારતમાં સૌથી વધુ ગુજરાત રાજ્યમાં પથરાયેલી છે. એ સિવાય મહારાષ્ટ્ર અને મહેસૂરમાં જૂજ પ્રમાણમાં માલુમ પડે છે. ગુજરાતમાં સૌથી વધુ વસ્તી સુરત જિલ્લામાં અને તે પછી ભરૂચ, વલસાડ અને વડોદરામાં જોવા મળે છે. તેથી સુરત જિલ્લામાં અને ઉપર દર્શાવેલા તાલુકાઓમાં તેઓની વસ્તી વધુ હોય તે તાલુકાઓના ગામો પસંદ કર્યા હતા. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ૬૧,૬૧,૭૭૫ની હતી એટલે રાજ્યની કુલ વસ્તીના ૧૪.૯૨ ટકા હતી. જેમા ચોધરીઓની વસ્તી ૨,૬૫,૦૫૭ એટલે ૪.૩૦ ટકા જેટલી છે. ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં ચોધરી જાતિની વસતી છે. જેમાં એકલા સુરત જિલ્લામાં તેમની ૯૪.૦૫ ટકા વસ્તી વસે છે.

ચોધરી જાતિની ઉત્પતિ અને સ્થળાંતર કે ચોધરી શબ્દના નામાભિધાન વિશેના કોઈ ચોક્કસ દસ્તાવેજી પુરાવાઓ મળતા નથી. છૂટાછવાયા અભ્યાસો અને કેટલીક કિવદંતીઓ તેમના વિશે છે. જેમકે ચોધરીઓ તાપીના અસ્તિત્વકાળથી હયાતી ધરાવે છે. બીજી પાવાગઢના રાજપૂતોના વંશજો છે વગેરે.

**ભૌતિકજીવન :**

ચોધરી જાતિમાં છેલ્લા કેટલાય વર્ષોથી પરિવર્તનની પ્રક્રિયા આંતર-બાહ્ય પરિબળો દ્વારા થતી જોવા મળે છે. તપાસમાં બધા જ કુટુંબો પોતાના ઘરો ધરાવતાં હતાં. પરંતુ ૯૦ ટકા કાચા અને માત્ર ૧૦ ટકા પાકા ઘરો હતાં. વાંસ અને માટીની દિવાલો છાણ માટીથી લીપેલી અને વિલાયતી નળિયા છાજમાં જોવા મળે છે. ઘરની બાંધણી પરંપરાગત ઢબની જોવા મળી હતી. જ્યાં જંગલ નથી રહ્યું અને આર્થિક સ્થિતિ સારી છે ત્યાં ઘરો ધાબાવાળા કે પતરાના છાજવાળાં દિવાલ ઈંટ સીમેન્ટ કે માટીની જોવા મળી હતી.

**આર્થિક જીવન :**

ચોધરી જાતિના આર્થિક માળખાનો આધાર અહીંની સ્થાનિક પરિસ્થિતિને આધારે કરવા પડતા વ્યવસાયોને આધારે છે. છેલ્લા ઘણાં વર્ષોથી સ્થાનિક પરિસ્થિતિમાં ફેરફારો થવા પામ્યા છે. જંગલ ઘટી જવાને કારણે અને ખેતીમાં ઘણે ઠેકાણે માત્ર સૂકી ખેતી હતી. તેમાં હવે સિંચીત ખેતી, પશુપાલન, નોકરી

જેવા વ્યવસાયોને આધારે જોવા મળે છે. અત્યારે જંગલ આધારિત મજૂરી પહેલાં જેટલી નથી.

જમીન વિહોણા અને ઓછી જમીન ધરાવતા કુટુંબોને આખું વર્ષ ખેતમજૂરી, જંગલ મજૂરી મળી રહેતી નથી. એટલે કેટલાય કુટુંબોના સભ્યો છૂટક મજૂરી, સ્થળાંતરી મજૂરી કરે છે. કેટલાક બાંધકામ મજૂરી, હિરા ઘસવા કે નજીકમાં જે છૂટક મજૂરી મળે તે કરે છે.જંગલ સાફ થઈ જતાં અને કુટુંબકદ વધતાં, જમીનના ટુકડા થતાં મજૂરીની સમસ્યા દિનપ્રતિદિન વધતી જતી જોવા મળે છે. જયાં જંગલ થોડું પણ છે ત્યાં લાકડાની મજૂરી કે ગૌણ વનપેદાશો એકઠી કરવાની - ગુંદર, મધ, આસીત્રા-ટીમરુ પાન એકત્રિત કરવાની મજૂરી કરે છે.

ચોધરીઓ પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. હવે માત્ર ખેતી પૂરતા પશુઓ ન પાળતાં હવે ધીરે ધીરે આર્થિક સ્થિતિને પહોંચી વળવા માટે ગાય, ભેંસ, બળદ વગેરે પશુઓને પાળે છે. દૂધ મંડળીઓને કારણેતેમને દૂધની આવક મળી રહે છે. પશુપાલન સાથે પૂરક વ્યવસાય તરીકે મરઘાં ઉછેરે છે. ૩૧ જેટલા કુટુંબો પશુપાલન દ્વારા ખર્ચને બાદ કરતાં કુટુંબદીઠ સરેરાશ ૯૨૪ રૂપિયાની આવક મેળવતા હતા. આમ જમીનવિહોણા અને ઓછી જમીન કરાવતા કુટુંબો પશુપાલન કરીને પહેલા કરતાં સારું જીવનનિર્વાહ કરતા હતા. આમ પશુપાલનનું મહત્વ તેઓ સમજતા થયા છે.

**આવક : ખર્ચ :**

તપાસના કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ચોખ્ખી આવક ખર્ચને બાદ કરતાં પહેલાંની ૩૧૨૧ની અને હાલની ખર્ચને બાદ કર્યો પછીથી રૂપિયા ૮૫૬૯ રૂપિયાની જાણવા મળી હતી. આ આવક ખેતી, ખેતમજૂરી, પશુપાલન, છૂટક અને બાંધકામ મજૂરી, નોકરી અને ખેતમજૂરી વગેરેની હતી. પહેલાંની કુટુંબદીઠ વપરાશી વાર્ષિક ખર્ચ ૩૬૪૩ જેટલો એટલે આવક કરતાં વિશેષ હોઈ તેઓના કેટલાક કુટુંબો દેવા હેઠળ જણાયા હતા. એ રીતે હાલનો પણ ખર્ચ આવક કરતાં વિશેષ જાણવા મળ્યો હતો જે કુલ કુટુંબદીઠ વાર્ષિક આવક ૮૫૬૯ની સામે ૯૨૪૪ રૂપિયાના કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ હતો, એટલે તેમાંય ૯૦ ટકા કુટુંબોને થોડું પણ દેવુ કરવાની ફરજ પડતી હતી. ખેતીના પાકોનું મહત્વ તેઓ સમજતા થયા છે એ સિવાય શહેરો નજીક જે ગામો છે, તેઓને બંધકામ અને નાના કારખાનામાં નોકરીને કારણે આવક પ્રાપ્તિ થાય છે. દૂરના ગામોમાં જંગલ સાફ થવાથી વિપરીત અસરો વર્તાય છે ત્યાં આવક ઘટી છે.

**શિક્ષણ :**

ચોધરી જાતિમાં શિક્ષણની સ્થિતિ મહદ્અંશે સારી જોઈ શકાય છે. ગુજરાતની બધી આદિવાસી જાતિઓમાં ધોડિયા પછી તરત જ ચોધરી જાતિમાં શિક્ષણની ટકાવારી સારી છે. તેઓમાં ૧૯૯૧ પ્રમાણે ૪૧.૭૧ ટકાનું પ્રમાણ નોંધાયું છે. જિલ્લાની આદિવાસી જાતિઓમાં પણ સૌથી અગ્રસ્થાને ૨૭.૨૭ ટકાની ટકાવારી સાથે મોખરે જોઈ શકાય છે. તેમનામાં જે કુટુંબોમાંથી શિક્ષણ જોવા મળ્યું નથી. તેમાં મહદ્અંશે આર્થિક સ્થિતિ જવાબદાર તરીકે જાણવા મળે છે અને જંગલ નજીકના ગામોમાં શિક્ષણ મહદ્અંશે ઓછું જોવા મળે છે.

**સમસ્યાઓ (સારાંશ) :**

ચોધરીઓની આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય અને શૈક્ષણિક પરિસ્થિતિ જોઈ, તેઓમાંના જેવો શિક્ષિત છે અથવા જમીન મિલકત કે વ્યવસાય ધરાવે છે કે રાજકીય રીતે જેવો વિકાસ પામી સ્થિર થયા છે, તેમની આર્થિક, સામાજિક તેમજ શૈક્ષણિક સ્થિતિ મહદ્અંશે સારી જાણવા મળી હતી. જે કુટુંબો પાસે ઓછી જમીન મિલકત હોવાને લઈને કે શૈક્ષણિક રીતે જેઓ પાછળ છે કે બીજી રીતે આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી શકયા નથી. તેમની આર્થિક સામાજિક કે શૈક્ષણિક સ્થિતિ નબળી હોવાની પ્રતિતિ થાય છે. આ સાથે જેઓ આર્થિક કે શૈક્ષણિક રીતે પાછળ રહેવા પામ્યા છે. તેમનો સામાજિક મોભો ઉંચો જોવા મળતો નથી. તેમના રહેઠાણ પણ બરોબર નહોતા. એ સિવાય બહુ જ ઓછા કુટુંબોને જમીન હતી. જેમને હતી તેમાંના ઘણાને પૂરતી નહોતી. કેટલાક કુટુંબો જમીન વિહોણા માલુમ પડ્યા હતા. શિક્ષણની રીતે પણ ઘણા બધા કુટુંબોમાંથી અભણોની સંખ્યા જાણવા મળી હતી. આ બધાને લઈને ચોધરીઓમાં વ્યક્તિગત, સામૂહિક તેમજ બીજી સીધી ન સ્પર્શતી હોય તેવી અનેકાએક સમસ્યાઓ જોવા કે જાણવા મળી હતી.

**(૧) જમીન અંગેની :**

ચોધરીઓ જે સપાટ પ્રદેશમાંના શહેરી વિસ્તારથી નજીક કે શહેરી કસબાઓમાં વસે છે. તેઓમાંના ઘણા પાસે જમીન છે, પરંતુ નિર્વાહ પૂરતી પણ નથી. કેટલાક જમીન વિહોણા કુટુંબો જાણવા મળ્યા હતા. જેઓને જમીનના અભાવે ખેતમજૂરી, છૂટકમજૂરી કરીને જીવન જીવવું પડે છે. ઓછી જમીન છે, તેઓ પશુપાલન તેમની થોડી ખેતી સાથે કરી નિર્વાહ ગોઠવવાનો પ્રયત્ન કરે છે. એ સિવાય જેઓ જંગલ નજીક કે ઊંડાણના વિસ્તારમાં વસે છે, તેમને ડુંગરાળ જમીન પથ્થરવાળી અને ઓછી ઉપજાઉ છે. કેટલાક પાસે બિલકુલ જમીન નથી. આજે જંગલ પણ સાફ થઈ ગયું હોઈ, જંગલ આધારિત નિર્વાહ પણ શક્ય નથી. તેમની જમીન અંગેની સમસ્યાઓ સપાટ વિસ્તાર કરતાં જુદા પ્રકારની જોવા, જાણવા મળી હતી. તેઓની પાતળી, હલકી, ઢોળાવવાળી જમીન હોઈ પૂરતુ ધાન્ય પકવી શકતા નથી. તેમની પરિસ્થિતિ ખૂબ કઠીન જોવા મળે છે.

**(૨) ખેતી અંગેની :**

ચોધરીઓ હજુ જેઓ જંગલ નજીક કે ઊંડાણના વિસ્તારોમાં વસે છે. તેઓ પરંપરાગત ઢબની ખેતીપદ્ધતિઓથી પાકો પકવતા જોવા મળે છે. તેમાં છાણિયું કે રાસાયણિક ખાતરો વિના પાકો હજુ તેઓ લે છે. કારણકે તેઓ પાસે એટલી આર્થિક સદ્ધરતા નથી કે ખાતર નાખે. તેમાંય હજુ ઘણા વિસ્તારો એવા છે, જેમાં સિંચાઈની કોઈ જ સુવિધા નથી. એટલે માત્ર વરસાદી ખેતી તેમણે કરવી પડે છે. તેઓ ખેતીમાં નવા ઓજારો, સારા બિયારણો,

નવા રા.ખાતરો કે પાકોની દવાઓ સ્થિતિને લઈને વાપરી શકતા નથી. પૂરતી ખેતીની જમીન પણ તેમનામાંના ઘણા પાસે નથી. નવા પાકો કે પદ્ધતિઓ તેઓ અપનાવી શકતા નથી. ખેતીની જમીન ઘણી પાતળી અને ઘણી જગ્યાએ ઢોળાવવાળી હોઈ ઓછી ફળદ્રુપતાને લઈને પૂરતા પાક ઉત્પાદનો મેળવી શકતા નથી.

જ્યાં સારી ખેતીની જમીન છે, ત્યાં ઘણા ચોધરી ખેડૂતો પાસે પૂરતી જમીન નથી. પૂરતા સાધન કે પશુઓ નથી. જેઓ આવી પરિસ્થિતિમાં જે પાકો પકવે છે, તેમને ક્યારેક પૂરતા ભાવો મળતા નથી. દા.ત. શેરડીની ખેતીમાં તેમને સમયસર અને પુરતા ભાવો મળતા નથી. તેઓ સારા ખેડૂતો હોવા છતાં જમીનના અભાવે, સાધનોના અપૂરતા પ્રમાણને કારણે અને આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે જોઈએ તેઓ આર્થિક વિકાસ સાધી શક્યા નથી.

**(૩) પાણી અંગેની :**

અભ્યાસના ગામોમાં પીવાના પાણીની અને ખેતીમાં સિંચાઈ માટેના કૂવાની સગવડ ખૂબ ઓછી જોવા મળી હતી. જેનાથી માત્ર થોડા કુટુંબોને પીવાના પાણીની સગવડનો અને ખેતીની સિંચાઈનો લાભ મળતો જાણવા મળ્યો હતો. આ ગામોના કુટુંબોએ એ કારણે પીવાના પાણીમાટે મહદ્અંશે હેન્ડપંપથી પાણી ભરી લાવવું પડતું હતું. કોઈક કુટુંબોને પીવાના પાણી માટે દૂરના કૂવે જવું પડતું હતું. તેઓ તેમના પશુઓ માટે અને કપડાં વગેરે માટેના પાણી નદી, વહેળાઆનો ઉપયોગ લેતા જોવા મળ્યા હતા. તેમને પીવાના પાણી માટે અને સિંચાઈના પાણી માટે જરૂરી સગવડ ના અભાવને કારણે ઘણે ઠેકાણે પાણી મળતું નહોતું.

**(૪) મજૂરી અંગેની :**

ચોધરીઓ સાથે વસતી બીજી જાતિઓ કરતાં સામાજિક રીતે તેમજ તેઓની આર્થિક સદ્ધરતા, શૈક્ષણિક સુધારો વગેરેને કારણે સારો મોભો ધરાવે છે. તેમ છતાં બધા જ ચોધરી કુટુંબો પાસે જમીન ન હોઈ, સારી શૈક્ષણિક સ્થિતિ ન હોઈ, આર્થિક રીતે સદ્ધરતા પ્રાપ્ત કરી કરતા નથી. તેવા કુટુંબોને ખેતમજૂરી, છૂટકમજૂરી કરવી પડે છે. તેમણે આ ખેતમજૂરી કે છૂટક મજૂરી આખા વર્ષ દરમ્યાન મળી રહેતી નથી. ત્યારે બેકારી ભોગવીને સમય વિતાવવો પડે છે. મજૂરીમાં પણ પૂરતી રોજગારી ન મળતી હોવાથી જીવનનિર્વાહ માટે એકબીજા વ્યવસાયો માટે ભટકવું પડે છે. કેટલાકને સ્થાનિક જગ્યાએ મજૂરી ન મળતાં સ્થળાંતરી મજૂરી કરવા જવુ પડે છે. આજે કેટલીય જગ્યાએ જંગલ સાફ થઈ જવાથી જંગલ મજૂરી મળતી બંધ થઈ ગઈ છે. સ્થળાંતરી મજૂરીએ જાય ત્યાં રહેઠાણ, પાણી અને બીજા પ્રશ્નો તેમને સતાવે છે.

**(૫) જંગલ અંગેની :**

ચોધરીઓની વસતી જે જંગલ વિસ્તારમાં કે નજીકમાં વસે છે. તેને જંગલનો લાભ આજે જંગલ સાફ થઈ જવાથી અને જંગલના કાનૂનોને કારણે જંગલની ચીજવસ્તુઓ ઉપર

જે કુટુંબો આધાર રાખી જીવનનિર્વાહ ગોઠવતા હતા તેમને મુશ્કેલીઓ ઉભી થવા પામી છે. આજે જંગલમાંથી ભાજીઓ, ફળો, લાકડા અને બીજી ગૌણ વનપેદાશો વગેરે મળતું બંધ થયું છે કે ઓછું થયું છે. તેથી તેમને સ્થળાંતર કરીને કેબીજાના શોષણનો ભોગબની જીવન વિતાવવું પડે છે.

**(૬) રહેઠાણ અંગેની :**

બધા જ ચોધરી કુટુંબો પાસે સારું આરોગ્યપ્રદ સાદુ ઘર નથી. આને માટે કેટલાય કુટુંબો પાસે ઘર બાંધવા પૂરતી પોતાની જમીન નથી. તેઓ સરકારી ખરાબમાં વસે છે. કેટલાય પાસે પોતાનું ઘર બાંધવા પૂરતી આર્થિક સુવિધા પણ નથી. એટલે આવા કુટુંબો ઝૂંપડા પ્રકારના નાના વધુ ઢાળવાળા ઓછા ખર્ચે ઘર બાંધીને રહે છે. તેમને ઘર બાંધવા પહેલાંની જેમ જંગલમાંથી છૂટથી લાકડું મળતું હતું. તે જંગલ કપાઈ જવાથી મળતું નથી. એટલે ઘર બાંધવાનો સામાન પણ મહદ્અંશે આજે વેચાતો લાવવો પડે છે. જે સ્થિતિ ન હોઈ ઘણા કુટુંબો ઝૂંપડું બાંધી ઘાસ નળિયા, છાજીને રહેતા જોવા મળે છે. તેમના ઘરમાં ખૂબ સંકડાશ અને સગવડોનો અભાવ જોવા મળે છે.

**(૭) આરોગ્ય અંગેની :**

આખોય વિસ્તાર ખૂબ વરસાદવાળો હોવાથી અને કેટલોક વિસ્તાર સિંચાઈ હેઠળ આવેલો હોવાથી હવામાન સતત ઠંડુ, ભેજવાળું રહે છે. તેથી પાણીથી થતા રોગો વિશેષ જોવા મળે છે. તેમાંય કેટલાય કુટુંબોને પોષક તત્વોનો અભાવ હોય છે, તેને કારણે થતા રોગો હોય છે. આ વિસ્તારમાં મુખ્ય આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો હોય છે, પરંતુ ઘણે ઠેકાણે દૂરના અંતરે આ કેન્દ્રો હોવાથી તેઓ આરોગ્ય સેવાઓ મેળવી શકતા નથી. આરોગ્ય કેન્દ્રોમાં ઘણીવાર ડૉક્ટરોની સેવાઓ સંજોગોવસાત મળતી ન હોય, તેઓને ખાનગી ડૉક્ટરો પાસે દવાઓ લેવી પડે છે. જે તેમની આર્થિક પરિસ્થિતિને કારણે દરેક કુટુંબને પોષાતુ નથી.

**(૮) શિક્ષણ અંગેની :**

ચોધરીઓ ધોડિયા જાતિ પછી શિક્ષણમાં અગ્રસ્થાને હોવા છતાં તેમના બધા જ કુટુંબોએ શિક્ષણ મેળવ્યું છે, તેવું ચિત્ર પણ જોવા જાણવા મળ્યું નથી. તેમનામાં જોવા મળતી નિરક્ષરોની સંખ્યા, અધવચ્ચેથી ઉઠી જનારાઓની સંખ્યા જે જોવા મળે છે. તે પરથી ખ્યાલ આવે છે. તેમના બધા જ કુટુંબના બાળકો નિશાળે અનેક વિધ કારણોસર જઈ શકતા નથી. શાળાએ ન જઈ શકવા પાછળ તેઓના કહેવા પરમાણે ઢોર ચરાવવા; બાળકો સાચવવા, નિશાળ દૂર હોવાથી, મા-બાપની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી બાળકો શાળાના શિક્ષણથી વંચિત રહે છે અથવા અધવચ્ચેથી નિશાળ જવાનું બંધ કરી દે છે.

આવી અનેકવિધ સમસ્યાઓથી દક્ષિણ ગુજરાતની એક મહત્ત્વની આદિવાસી શિક્ષિત જાતિ પણ જકડાયેલી જોવા મળે છે.

**વિકાસ અંગેનાં સૂચનો : (સારાંશ)**

ગુજરાતની આદિવાસી જાતિઓના વિકાસ અર્થે આઝાદી પછી અનેકવિધ વિકાસ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. વિકાસ યોજનાઓના અમલથી આદિવાસીઓ પણ બીજા નાગરિકોની હરોળમાં આવી શકે તેવા આ ક્ષેત્રમાં કામ કરતા અધિકારીઓ દ્વારા પ્રયત્નો કરાયા છે. આ સંદર્ભમાં આ અભ્યાસને આધારે નિરીક્ષણ દ્વારા અને ચોધરી જાતિના આર્થિક તથા સામાજિક વિકાસ માટેના કેટલાક સૂચનો જાણવા મળેલા તેને અહીં મૂક્યા છે.

ચોધરી જાતિના અભ્યાસમાં તેમનામાં અનેકવિધ પરિબળોને કારણે પરિવર્તન આવેલું અવશ્ય જોવા મળે છે. સાથે સાથે ચોધરીઓમાં જાગૃતિ આવી છે. જેનાથી પરિવર્તનની ધરખમ પ્રક્રિયાઓ જોવા મળે છે. એક રીતે તેમનામાં આ પરિવર્તનથી વિકાસ થયેલો દેખાય છે. બીજી રીતે તેમનામાં આવા કેટલાક પરિવર્તનોને કારણે અને બીજી તેમની સ્થાનિક પરિસ્થિતિનેલીધે કેટલીક સમસ્યાઓ તેમનામાં જોવા મળે છે. જે આગળ ઉપર દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. ચોધરીઓમાં હજુ જે કુટુંબો ઊંડાણના વિસ્તારમાં, બાહ્ય પરિબળોના ખૂબ જ ઓછા સંપર્કમાં આવેલા છે. તેમનામાં ખૂબ જ ધીમી ગતિએ પરિવર્તનની અસરો છે કે તે હજુ અલિપ્ત છે. આમ ચોધરીઓમાં પરિવર્તનની અસરો પામેલા અને અસરોથી મુક્ત એવા બે વિભિન્ન ભાગ ચોધરી સમાજના દેખાય છે. ચોધરી જાતિ જેવી મહત્ત્વની વિકસીત જાતિમાં પણ આ વિભિન્નતા જોવા મળે છે. આ બધા પરિવર્તનો અને સમસ્યાઓ જાણ્યા પછી તેમના વિકાસ અંગેના સૂચનો તેમનામાંથી જાણવા મળેલી હકીકતો અને અભ્યાસથી જે લાગ્યું તે સંદર્ભ આપ્યા છે.

(૧) **જમીન :** અભ્યાસ દરમયાન જાણવા મળ્યા મુજબ કેટલાય ચોધરી કુટુંબો પાસે જમીન બિલકુલ જોવા મળી નહોતી. કેટલાક પાસે જે જમીન પ્રમાણ હતું તે અપૂરતું હતું. તો આવા જમીનવિહોણા કુટુંબોને જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ગૌચર કે બીજી પડતર જમીન ફાળવીને આપવી જોઈએ. જ્યાં જંગલ વિસ્તારની જમીન બિનવપરાશવાળી હોય ત્યાં શક્ય હોય ત્યાં આપવી જોઈએ. જેથી જમીનનો તેમનો પ્રશ્ન થોડો હળવો થશે. જ્યાં જે કુટુંબો પાસે જમીન ઓછી, અપૂરતી છે. તો તેમને નજીકમાં કોઈ ફાજલ જમીન હોય તો ફાળવી આપવી જોઈએ. એ જમીનની માવજત રૂપે પાળા બાંધી આપવા જોઈએ. જેનાથી ધોવાઈને બગડતી અટકાશે અને સચવાશે. જમીનમાં રહેલા સેન્દ્રીય તત્વો તેનાથી ધોવાઈ જતા અટકશે.

(૨) **સિંચાઈ :** આ આખાય વિસ્તારમાં વરસાદ ખૂબ પડે છે. પરંતુ વરસાદનું પાણી નદી, નાળા વાટે ચોમાસા દરમયાન વહી જાય છે. આ પાણી જ્યાં શક્ય હોય ત્યાં રોકી તેમને માટે

નાની સિંચાઈ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જેથી ચોધરીઓના ગામોમાં સિંચાઈના અભાવે ચોમાસા સિવાયના પાકો થતા નથી, તો સિંચાઈથી શક્ય બનશે. જ્યાં શક્ય હોય ત્યાં કુવા ખોદાવી બનાવી આપવા જોઈએ. જેથી સિંચાઈ થતાં વધારાના પાકો તેઓ કરશે. શક્ય હોય ત્યાં નહેરની સિંચાઈ માટે જોગવાઈ કરવી જોઈએ.

(૩) **ખેતી :** ચોધરીઓ હજુ સિંચાઈ વિનાના વિસ્તારોમાં પરંપરાગત ઢબની અને પાકોની ખેતી કરે છે. દા.ત. જુવારનો પાક તો ત્યાં નવીન પાકોનું નિદર્શન કરીને તેમને નવીન ખેતી માટે પ્રેરવા જોઈએ. શક્ય હોય ત્યાં ઓજારો, ખાતર, બિયારણ વગેરે પૂરા પાડવા જોઈએ. જેથી તેઓ સારી ખેતી કરી શકશે. ખેતીમાં જરૂરી પશુઓની અછત છે. કારણકે ચોધરીઓ પશુપાલનમાં ઝાઝો રસ ધરાવતા નથી. તો સારી જાતના બળદો, ગાયો મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૪) **પશુપાલન :** અભ્યાસના ગામોમાંથી જોવા, જાણવા મળ્યું હતું કે ચોધરીઓ હજુ પશુપાલનમાં સારી જાતના પશુઓ રાખતા નથી. અથવા પશુપાલનમાં બહુ રસ ઝાઝો દાખવતા નથી તો તેમને દૂધાળા પશુઓ ગાય, ભેંસ વિશેની સારી ઓલાદો સારી દૂધ ઉત્પાદનમાંથી થતી આવકો અંગે સમજાવી તેઓ તે તરફ વળે તેમ પ્રેરવા જોઈએ.

(૫) **મસ્ત્ય ઉછેર :** આખાય વિસ્તારમાં વરસાદ સારો પડે છે. ચોધરીઓ નદી, નાળાઓમાં માછલાં પકડે છે. પરંતુ જો તળાવડા અને વહેળા ઉપર પાણીમાં માછલાં ઉછેરી જાળ કે માછલાં પકડવાના સાધન આપી વિકસાવવામાં આવે તો ઘણાં કુટુંબો માટે ખોરાક અને આવકનું સાધન બની રહેશે. આજુબાજુ ભરાતા હાટ તેમના આ વ્યવસાયને ખૂબ જ લાભદાયી-ઉપયોગી થશે.

(૬) **મરઘા ઉછેર :** ચોધરીઓ મરઘા માત્ર તેમની ધાર્મિકવિધિઓ કે મહેમાનગતિ માટે જ પાળતા જોવા મળે છે. મરઘાંની સારી જાત વ્યવસ્થિત મરઘાં ઉછેર કેન્દ્ર બનાવી ઉભી કરાય તો તેમને ઈંડામાંથી થતા વેચાણ દ્વારા વધારાની સારી એવી આવક ઉભી થઈ શકે તેમ છે, તો તેમને મરઘાં ઉછેરવા માટે જોગવાઈ કરવી જોઈએ.

(૭) **ખેતમજૂરી :** જમીન વિહોણા અને ઓછી જમીન ધરાવતા કુટુંબો જે ખેતમજૂરી અને છૂટક મજૂરી કરીને જીવે છે. તેમને સારાયે વર્ષ દરમ્યાન ઘણાબધા દિવસો મજૂરી મળી રહેતી નથી. ત્યારે કેટલાકે સમય તેમને ભૂખ્યા કે અર્ધભૂખ્યા બેકારી ભોગવીને રહેવું પડે છે. ઉપરાંત કેટલેક ઠેકાણે મજૂરીના દર પણ ઓછા મળે છે. એટલે મજૂરી મળી રહે માટે જંગલ, ખેતી આધારિત નાના ગૃહઉદ્યોગો અને ખેતીના વ્યવસાયને જ્યાં સિંચાઈની વ્યવસ્થા નથી ત્યાં ગોઠવી વધારાની સિઝનમાં પાકો થતાં ખેતમજૂરી મળી રહે તેમ ગોઠવવું જોઈએ.

(૮) **જંગલ અંગેની :** જંગલ વિસ્તાર નજીકમાં વસતા કુટુંબોને જંગલના જે લાભો હતા તે નવા કાયદાઓ થવાને કારણે મળતા બંધ થયાં છે. જંગલ સાફ થઈ જવાથી પણ તેમને જંગલ મજૂરી, ફળ, ફૂલ અને બીજી ગૌણ પેદાશો બંધ થઈ જવા પામી છે કે ઘટી જવા પામી છે. તો તેને માટે જંગલના નિયમો હળવા કરી મળતા લાકડાના અને પશુચારણના લાભો મળે તેમ ગોઠવવું જોઈએ. જંગલ વિસ્તારમાં નવા પ્લાન્ટેશન કરી ઉછેરવું જોઈએ. જેમાં જંગલ સહભાગીદારોથી સહભાગી વનવ્યવસ્થા કરાય તો વધુ સારી રીતે તે લોકોને પોતાના ઝાડ ઉછેરવાની પ્રેરણા મળશે.

(૯) **શિક્ષણ :** ચોધરીઓમાં અક્ષરજ્ઞાન સારું જોવા મળે છે. છતાં અભ્યાસ દરમ્યાન જાણવા મળ્યા મુજબ હજુ ચોધરીઓના કેટલાક કુટુંબોના બાળકો શિક્ષણથી અનેકવિધ કારણોસર વંચિત રહી જાય છે. તો જરૂર હોય ત્યાં આશ્રમશાળા, છાત્રાલય ખોલવી જોઈએ. જેથી સ્થાનિક કે કૌટુંબિક સમસ્યાઓથી પર રહીને તે શિક્ષણ મેળવી શકે.

(૧૦) **નવીન વ્યવસાયો :** ચોધરીઓમાં શિક્ષણની રીતે આગળ હોય નોકરીઓ કરે છે. પરંતુ હવે કેટલાકને નોકરીઓ મળવી મુશ્કેલ જણાય છે, તો તેવાઓ માટે આ વિસ્તારમાં હિરા ઘસવાનો ઉદ્યોગ વિકસાવવો જોઈએ. તો તે માટે હીરા ઘસવાની તાલીમ આપવી જોઈએ. સ્વતંત્રપણે ઘંટીઓ કરી શકે તે માટે વિકાસ યોજનાના માળખામાં પણ વિચારવું જોઈએ.

(૧૧) **આરોગ્ય :** આરોગ્ય માટેની સગવડો ઉભી કરવી જોઈએ. તેમને કેટલીક જગ્યાએ ચોમાસે કે ઉનાળાની ઋતુમાં આરોગ્યની સેવાઓ માટે કસબાઓમાં કે તાલુકા મથકના આરોગ્ય કેન્દ્રો ઉપર જવુ પડે છે. તેમને આર્થિક રીતે તેમજ પ્રસુતિના પ્રસંગોમાં મુશ્કેલી ઉભી થાય છે. તો આરોગ્ય ખાતા તરફથી ફરતા દવાખાનાની સગવડ વિકસાવવી જોઈએ. ઉપરાંત જે વિસ્તારમાં અંધશ્રદ્ધાથી ભૂવાભગતથી આરોગ્યની સારસંભાળ લેવાય છે તેમાં ફિલ્મો દર્શાવી આરોગ્યની સારી સમજણ અપાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આરોગ્ય કેમ્પો કે નિદર્શનો બતાવી સમજ આપવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૧૨) **દારૂ-તાડી :** ચોધરીઓ ધાર્મિક દષ્ટિએ તેમજ સામાજિક રીતેરિવાજોમાં આજે પણ દારૂ-તાડીનો ઉપયોગ કરે છે. તેમાં તેમની અંધશ્રદ્ધા પોષાતી હોય અને તેમનો આર્થિક વિકાસ રૂંધાતો હોય તેઓ તેનો ઉપયોગ બંધ કરે તે માટેની સમજ વધારવા ફિલ્મ પ્રદર્શનો, શિબીર દ્વારા પ્રયત્નો કરવા જોઈએ. દારૂ-તાડીના દુષણો અને તેનાથી થતું નુકશાન, તેમને સામાજિક રીતે તેમના મોભામાં, લગ્ન વગેરેમાં અસરો કરે છે, તેની સમજ આપવી જોઈએ.

(૧૩) **ઘર :** ચોધરીઓમાં તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને લઈને તેમના ઘરો કાચા-ઝૂંપડા પ્રકારના, સંકળાશવાળા, નીચા ધાબાવાળા, બિન આરોગ્યપ્રદ છે. તેમને ઘરના સભ્યો,

ઘરવખરી, ઢોરઢાંખર વગેરે રાખવું મુશ્કેલ પડે છે. તો તેમને આરોગ્યપ્રદ ઘર-ઝૂંપડું બનાવી આપવા જે થોડી મદદ થાય તે કરીને તેમને ઘરની સમસ્યામાંથી મુક્ત કરવા જોઈએ. ઘરનો નમૂનો બનાવી થોડી તેમની પાસેથી અને થોડી સરકારી સહાયથી ઘર વસાહતો માટે આયોજન કરવું જોઈએ.

(૧૪) **પ્રચાર-પ્રસાર અંગેની :** ચોધરી જાતિ જાગ્રત છે. પરંતુ વિકાસ યોજનાઓના કર્મચારીઓનો સંપર્ક ઓછો હોય તેમનામાં ચાલતી વિકાસ યોજનાઓના લાભો લેવાનું વલણ વિસ્તૃત ફલક ઉપર જોઈએ તેટલું વિકસ્યું નથી. તેથી કર્મચારી અને લોકો સાથેનો સંપર્ક વધે અને વિકાસ યોજનાઓના લાભો ઉપયોગિતા, સમજ વધે તેમ ગોઠવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તો જ લોકો યોજનાઓના લાભો લેવા તરફ વળશે.

**ગરીબાઈ અને પરાવલંબન :**

ચોધરી જાતિના કેટલાક કુટુંબો શિક્ષણને લઈને, નોકરી, ખેતી કે વ્યવસાયોને કારણે જરૂર જાગ્રત થઈને વિકાસ પામેલા કે ખાધેપીધે સુધી દેખાય તેમ છતાં હજુ કેટલાય કુટુંબો આજે ગરીબાઈ અને પરાવલંબનની સ્થિતિમાં જોવા, જાણવા મળે છે. જેમાં મહદ્અંશે નીચેના પરિબળો ભાગ ભજવે છે.

(૧) કુદરતી ભૌગોલિક સંજોગો અને જમીન ખેતીવિષયક શક્યતાઓમાં અવરોધક પરિબળ તરીકે મહત્ત્વનો ભાગ ભજવે છે.

(૨) ખેતી કરવાની તેમની પદ્ધતિ પ્રાથમિક કક્ષાની હજુ ઘણે ઠેકાણે છે. તે જ રીતે સિંચાઈના લાભોથી વંચિત છે. પાકોની યોગ્ય માવજત થતી નથી. સુધારેલા સાધનોનો અભાવ, જરૂરી રાસાયણિક ખાતરો, દવાઓ, બિયારણોનો ઉપયોગ થતો નથી. તેની સૂઝ, સમજ ઓછી છે. તેનું કારણ આર્થિક સ્થિતિ પણ છે.

(૩) જંગલ મજૂરી, ખેતમજૂરી બારેમાસ મળી રહેતી નથી. મજૂરીના દરો પણ ઓછા હોય છે.

(૪) વ્યવસાયિક માળખામાં કેટલેક ઠેકાણે પરિવર્તન આવ્યું નથી. તેમાં સરકાર અને લોકો બન્ને નિષ્ફળ ગયા છે. ગૃહઉદ્યોગોનો વિકાસ થયો નથી.

(૫) આવક કરતાં જાવક વધારે છે, શેષ નહીંવત છે. એટલુ જ નહીં જીવનનિર્વાહનો તમામ ખર્ચા તથા ધાર્મિક કે સામાજિક ખર્ચા ખુબ વધારે છે. બચત થતી નથી.

(૬) તેઓમાંના ઘણા દારૂ-તાડી, તમાકુ, ચા જેવા વ્યસનો પાછળ ખૂબ જ ખર્ચ કરે છે.

(૭) ઊંડાણના જંગલ વિસ્તાર અને જ્યાં બિનસિંચિત વિસ્તાર છે ત્યાં હજુ શિક્ષણનું સ્તર ખૂબ

નીચું છે. જેથી ભાવિ વિષે વિચારી આર્થિક કે ખેતી વિષયક આયોજન તેઓ કરી શકતા નથી. તેમાંના ઘણા જીવનનિર્વાહ કરતાં વધુ પેદા કરી શકતા નથી.

(૮) કેટલાક વિસ્તારોમાં સંસ્કૃતિક કે ઔદ્યોગિક બાબતોનો સંપર્ક થયા ન હોય તેઓ ગરીબ રહ્યા છે. દિનપ્રતિદિન ગરીબ બનતા જાય છે. આ ગરીબાઈથી બચવા તેઓ સ્વયં રીતે બહાર આવી શકે તેમ નથી.

આ બધી પરિસ્થિતિ તેમને પરાવલંબી બનાવે છે. તેથી તેઓ મજબૂર થઈને શાહુકાર, વેપારી કે દુકાનદારના આશ્રય નીચે જીવે છે. પરિણામે તે દેવાદાર બની વધુ ગરીબ બને છે.

# આદિવાસીઓ માટેની ધિરાણ નીતિ

શ્રી બચુભાઈ બરંડા

ભારત સરકારના આદિવાસી સંશોધન કેન્દ્રના નિયામકોની બેઠક સમયે ટ્રાયબલ અફેર્સ વિભાગનું સૂચન થયેલ કે દરેક રાજ્યે આદિવાસીઓ માટેની ધીરાણ નીતિ અંગે અભ્યાસ કરવો જોઈએ. આ બાબતને ધ્યાને લઈ ગુજરાત રાજ્યમાં "આદિવાસીઓ માટેની ધિરાણ નીતિ" ના સંદર્ભમાં સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો અને શું મેળવે છે તે જાણવું. આની સાથે સાથે સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, આર્થિક કે આરોગ્ય વિષયક સ્થિતિમાં ધિરાણ મેળવવા માટે શું સહન કરે છે તથા શું ભોગ આપે છે તે અને વારસાગત દેવું કેવી રીતે ભરપાઈ કરે છે તે જાણવું જરૂરી છે.

આદિવાસીઓની જરૂરિયાતો પૂરી કરવા માટે ઘણી યોજના હોવા છતાં જ્યારે બધીજ જાતના વ્યવહારો નાણાંથી થતા હોય ત્યારે તેમને પોતાની માંગ સંતોષવા જેની પાસે નાણાં છે, આર્થિક સદ્ધર છે તથા સરકારે કાયદાકિય મુંબઈ શાહુકાર ધારા હેઠળ વ્યાજે નાણાં ધિરવા માટે માન્ય કરેલ છે તે સરકારે લાયસન્સદારોને લાયસન્સ આપીને આવા વિસ્તારોમાં ઘરેણાં, જમીન, પશુ વગેરે ગિરવે રાખીને કે ચેક કોરો લઈને નક્કી કરેલા વ્યાજના દરે નાણાં ધિરવામાં આવે છે. આ ધિરધાર કરનારા શાહુકારો આદિવાસીઓ પાસે કેટલો વ્યાજનો દર લે છે, તેમની સાથે વર્તન વ્યવહાર કેવો કરે છે, માંદગી, દુષ્કાળ, બાળકની નોકરી માટે ડોનેશન, આકસ્મિક સંજોગો ઉભા થાય ત્યારે શું કરે છે ? ધિરાણ લીધા પછી હિસાબોની અસ્પષ્ટતા, શોષણ કરવાના વિવિધ રીતરસમો આવા સમયમાં આદિવાસીઓ કેવી રીતે જીવે છે, ઉકેલો શું કરે છે, ધિરાણની પદ્ધતિ કેવી હોવી જોઈએ, સમાજમાં પરિવર્તન લાવવામાં શું ફેરફારો કરવાની જરૂર છે તે અંગે પ્રસ્તુત અભ્યાસ કરવાનું આયોજન હતું. અભ્યાસના હેતુઓ આ મુજબ હતા.

(૧) આદિવાસી કુટુંબો કે જેઓ સામાજિક-આર્થિક સમસ્યાઓથી પીડાય છે, તેઓ ધિરાણનિતિની વિશિષ્ટ સ્થિતિમાં શું કરે છે, શું ગુમાવે છે, અને શું મેળવે છે તે જાણવું.

(૨) સામાજિક-શૈક્ષણિક, સાંસ્કૃતિક- આર્થિક-આરોગ્ય વિષયક સ્થિતિમાં ધિરાણ મેળવવા માટે શું સહન કરે છે અને શું ભોગ આપે છે તે જાણવું.

(૩) મુંબઈ શાહુકાર ધારા હેઠળ વ્યાજનો દર શું લે છે, ગીરે તેઓ શું લખાણ લે છે તેની વિગતો જાણવી.

(૪) આદિવાસીઓને વધુ દેવુ થવાથી કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરે છે ? આ મુશ્કેલીઓ દુર કરવા કેવા કેવા ઉકેલો કરે છે તેની જાણકારી મેળવવી.

(૫) જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ આરોગ્ય-શિક્ષણ, રસ્તા વગેરે ન મળે ત્યારે શાહુકારો ધિરાણ આપી વારસાગત દેવુ કેવી રીતે ભરપાઈ કરે છે તેની જાણકારી મેળવવી.

અભ્યાસમાં ત્રણ જિલ્લાના બે બે તાલુકાનો સમાવેશ કર્યો છે. એ રીતે કુલ ૬ તાલુકા પસંદ કર્યા છે. દરેક તાલુકામાંથી ૪ ગામ સંશોધન માટે પસંદ કર્યા છે. વલસાડ જિલ્લામાં ઉમરગામ તાલુકામાં- સરીગામ, નિકોલી, માંડા, નારગોલ, વલસાડમાં કૃષ્ણપુર, ખજૂરડી, કુંડી, બોદલાઈ જયારે દાહોદ જિલ્લામાં ફતેપુર તાલુકા વાવડીપૂર્વ, કરમેલ, વલુકી, છાલોર, ઝાલોદ તાલુકામાં માંડવી, હિરોલા, જેતપુર, ડુંગરી અને સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના કોટડા, બેડી, છત્રાંગ, બારા તથા ભિલોડા તાલુકાના રામેળા, રાવતાવાડા, મહેરૂ, કુંડોલ વગેરે ગામોનો સમાવેશ થાય છે. આમાં કુલ ૯૬ ઉત્તરદાતાઓની મુલાકાત લેવામાં આવેલ.

## ઉપાયો-નિષ્કર્ષ અને સૂચનો

### સમસ્યા અને ઉપાયો :

આદિવાસીઓનું શોષણ થાય છે એ પાછળનાં અનેક કારણોમાં મુખ્ય કારણે દેવું છે. આદિવાસીઓને માથે શાહુકારનું દેવુ પહેલાં અને હાલમાં કેટલીક જગ્યાએ એટલુ બધુ ચઢી ગયુ છે કે એણે પોતાની અને પોતાના કુટુંબની આખી જીંદગી શાહુકારની ચાકરી કરવામાં ગુમાવવી પડે. પહેલાંના દિવસોમાં જયારે ચીજવસ્તુઓના સાટાં થતાં ત્યારે આદિવાસીને બિનઉત્પાદક હેતુસર દેવુ કરવાની જવલ્લેજ જરૂર પડતી. પરંતુ નાણાંનો રોકડ વ્યવહાર વધ્યા પછી જ આદિવાસીને વારંવાર દેવુ કરવાની જરૂર ઊભી થઈ છે. આજે તો આદિવાસીને બિયારણ, મીઠુ, કપડાં વગેરે જેવી રોજીંદી જરૂરીયાતોની ચીજો માટે અને લગ્ન, તહેવાર અને મરણ જેવા સામાજિક પ્રસંગોએ દેવુ કરવુ પડે છે. આ ઉપરાંત બાપદાદાના વખતથી દેવુ ઉતરી આવ્યુ હોય તે જુદુ. શાહુકારની ચૂડમાં ભીંસાવુ પડતુ હોવા છતાં આદિવાસી શાહુકારનું પડખુ સેવે છે. કારણકે જયારે જયારે જરૂર પડે ત્યરે બધી જ વખત શાહુકાર તેને મદદરૂપ થઈ પડે છે. આદિવાસી ગમે ત્યારે શાહુકારનુ બારણુ ખખડાવી શકે છે, અને મદદ માંગી શકે છે. કશી પણ લાંબીચોડી વિધિમાં ઉતર્યા વિના જલ્દીથી પૈસા મેળવી શકે છે. વધારામાં એ સગવડ છેક શાહુકાર ગામમાંજ અથવા તે વિસ્તારમાં જ રહેતો હોય છે. અને ક્યારેક તો આદિવાસીની ભાષામાં વાત કરી શકતો જોવા મળે છે. આવા શાહુકારો આદિવાસીઓ સાથે ઘર જેવો સંબંધ પણ બાંધતા હોય છે. ઘણી વખત લગ્ન, જન્મ, હોળી, દિવાળી, રક્ષાબંધન જેવા તહેવારે તેમના ત્યાં હાજરી આપતો હોય છે.

તો પછી પ્રશ્ન એ થાય છે કે શાહુકારની ચૂડમાંથી આદિવાસીને કેવી રીતે છોડાવવો ? વિકાસ કાર્યક્રમ દ્વારા આદિવાસીની આવક વધારવાના પ્રયાસોનું પરિણામ એવુ આવ્યુ છે કે વધારાની આવક શાહુકારનું દેવું ચૂકવવામાં વપરાઈ જાય છે. વધતુ જતુ દેવુ અને હાથમાંથી સરકી જતી જમીનને કારણે આદિવાસીના ધિરાણ મેળવવાની લાયકાત પણ આપોઆપ ઘટતી જાય છે.

મોટે ભાગે જીવનનિર્વાહના હેતુસર, શિક્ષણ અને નોકરી મેળવવાના હેતુસર જ લોન લેવામાં આવે છે. આમ દેવાનો બોજ ખેડબ્રહ્મા, ફતેપુરા, ઝાલોદમાં કમ્મર તોડી નાંખે તેમ વધતો જાય છે અને એના પ્રમાણમાં આવકનું કોઈ ઠેકાણુ નથી. સતત દુષ્કાળ તો પડ્યા જ કરે છે. શાહુકારો ધિરાણ ઉંચા વ્યાજના દરે કરે છે. આથી "આદિવાસી દેવામાં જન્મે છે, દેવામાં જીવે છે અને દેવામાં મરે છે" છળબાજ શાહુકાર સાથેનો દેવાનો સંબંધ સતત ચાલુ જ હોય છે, અને ખેડીને જે થોડુઘણુ પકવ્યું હોય તે શાહુકારને નજીવા ભાવે વેચી દેવુ પડે. આમ હાલ જોઈએ તો વિકાસ વધ્યો છતાં થોડુ પોતાના હક્કનું છે તે પણ હાથમાંથી જતુ રહે છે.

શાહુકારોને તેમનો ધંધો આદિવાસીઓમાં અને ખાસ કરીને અનુસૂચિત વિસ્તારોમાં કરતાં રોકવા માટે સામાજિક ધારો ઘડવો, મુંબઈ શાહુકાર ધારાનો કડક અમલ કરવો, અને જુદા જુદા રાજ્યોએ આવી મતલબના ધારાઓ ઘડ્યા છે પણ ધારી સફળતા મળી નથી અને શાહુકાર હજુ પણ કેટલાક ઠેકાણે પહેલાં જેટલોજ સમર્થ રહ્યો છે. હવે એમ લાગે છે કે કેન્દ્ર સરકારે આ અંગે હાલ હસ્તીમાં હોય તે તમામ ધારાઓ તપાસી જવા અને રાજ્યો દ્વારા અમલમાં મૂકવા માટે નમૂનારૂપ બની રહે એવો એક ધારો ઘડી કાઢવો જોઈએ. હાલના ધારા હેઠળ સમજાવટ અને પતાવટ માટે અસરકારક તંત્ર ઉભુ કરવું. આ બધાં પગલાં અમલમાં મુકાય તે અગાઉ આદિવાસીઓમાં દેવુ કેવા સ્વરૂપનું અને કેટલા પ્રમાણમાં છે તે માટે તપાસ હાથ ધરવી. કાયદાના અમલ માટે અસરકારક તંત્ર ઉભુ કરવું. સમજાવટથી ન પતે એમ હોય તો આદિવાસીને કાયદેસરના કામ માટે કાયદાની સલાહ વગેરેની મદદ આપવી જેથી ગરીબાઈના કારણે યોગ્ય ન્યાય મેળવવામાં મુશ્કેલી ન પડે. સાથે સાથે આદિવાસીઓને ઉત્પાદક અને બિન ઉત્પાદકીય હેતુસર ધિરાણ મળી શકે એવુ કાર્યક્ષ તંત્ર ઉભુ કરવું. ગામમાંથી શાહુકારને દૂર કરીએ તે અગાઉ ધિરાણનો વૈકલ્પિક સગવડતા ઉભી કરવી આવશ્યક છે. આ અભ્યાસમાં મુખ્યત્વે લગ્ન અને મરણની વિધિઓ, શિક્ષણ, આરોગ્ય, જમીન, કજીયાકંકાસ જેવા હેતુઓસર યોગ્ય કિસ્સાઓમાં લોન આપવા માટે સરકારપ્રેરિત ધિરાણ સંસ્થાઓ વધારવી જોઈએ. ખાસ કરીને લોન, જૂનુ દેવુ પતાવવાના હેતુસર જ આપવુ જોઈએ. ચાલુ દેવાં હોય તેને આદિવાસીઓની દેવુ ભરપાઈ કરવાની ગુંજાઈશને ધ્યાનમાં લઈ, શાહુકાર સાથે સમજૂતીભરી પતાવટનો માર્ગ અખત્યાર કરી બને એટલા પ્રમાણમાં ઓછાં કરાવવાં. ત્રણ અથવા એથી વધુ વર્ષોનાં જૂનાં દેવાં માંડી વાળવાં જોઈએ.

(૧) જે આદિવાસીઓને જમીન વેચવાનો કે ગીરે મૂકવાનો કાયદામાં અધિકાર નથી તેવા લોકોને તેમની સહકારી મંડળીઓ દ્વારા નાણાંકીય સહાય મળે એ માટે એવી મંડળીઓને લોનો આપવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને વિનંતી કરવી.

(૨) રાજ્યમાં આદિવાસી સહકારી મંડળીઓ અને નાણાં અને વિકાસ કોર્પોરેશનો સ્થાપવાં અને

એના પ્રતિનિધિ તરીકે ગામડાંમાં કામ કરી શકે એવી પ્રાથમિક કક્ષાની મંડળીઓ સ્થાપવાની પૂરતી જોગવાઈ કરવી જોઈએ.

(૩) ધારાકીય પગલાં, કડક વહીવટ અને લોકમત દ્વારા ચારે બાજુથી હલ્લો કર્યા વિના ઋણ રાક્ષસને મહાત કરવાનું શક્ય નથી. આ જવાબદારી સ્વૈચ્છિક વિકાસ સંસ્થાઓ મારફત અને આદિવાસી કલ્યાણને લગતાં ખાતાંઓએ ઉપાડવી જોઈએ. વહેલી તકે દેવાંના વિષય વતૃળને તોડવુ અત્યંત જરૂરી છે. આ આખાય પ્રશ્નનો વધારે જાણકારી માટે અભ્યાસ કરવો અને એના સાચા ઉકેલવાના ખાસ પગલાં પણ વિચારવાં જોઈએ.

આદિવાસીઓમાં સમુહભાવના કે સહકારની લાગણી આદિવાસીપંચોમાં આજે પણ જોવા મળે છે. તેમ છતાં ધિરાણમાં સહકારનો કાર્યક્રમ આદિવાસીઓમાં જોઈએ તેટલો સફળ નથી નીવડ્યો અને લોકોના જીવનમાં સહકારનાં મૂળ ઊંડા ગયા નથી, તેના કેટલાંક કારણો આ પ્રમાણે છે.

(૧) જે કાર્યકરોએ આદિવાસીઓમાં ધિરાણ અંગે તથા વિવિધ હેતુસર સહકારી પ્રવૃત્તિ શરૂ કરી તેઓ આ પ્રવૃત્તિઓને આદિવાસીઓની સહકારની પરંપરાગત ભાવના સાથે સાંકળી શક્યા નથી.

(૨) સહકારી મંડળીઓના ધારાધોરણ બહુજ ગૂંચવાડા ભર્યા અને આદિવાસીઓ જલદીથી સમજી શકે કે સ્વીકારી શકે એવાં હોતાં નથી. પરિણામે જ્યાં આદિવાસીઓ સહકારી મંડળીઓના સભ્યો બન્યા છે ત્યાં પણ મંડળીઓનું સંચાલન સામાન્યતઃ બિન આદિવાસીઓના હાથમાં રહ્યું છે. આમ હકીકતમાં બિન આદિવાસીઓ માટે ધિરાણ તથા વિવિધ હેતુસર સહકારી મંડળીઓ આદિવાસીઓનાં સામાજીક અને આર્થિક હિતો પર કબજો જમાવવાનું વધારાનું એક સાધન બની ગઈ છે.

(૩) આદિવાસીઓ ધિરાણ સરળતાથી મેળવી શકે તે માટે મંડળીનો શેર દસ રૂપિયા જેટલી ઓછી રકમનો રાખ્યો હોવા છતાં આદિવાસીઓ એટલી રકમનો શેર પણ ખરીદી શકતા નથી; અને કેટલાક તો આજે હપ્તાથી શેર ખરીદવા માટે એક રૂપિયો ખર્ચવાનુ જોખમ પણ ખેડવા તૈયાર થતા નથી તેવુ જોવા મળ્યુ છે.

(૪) આ ધિરાણ સહકારી મંડળીઓનુ મૂલ્ય સહકારી કાર્યકર પોતાની ઢબે સમજાવતો રહે છે પણ સહકારી પ્રકૃતિઓમાં આદિવાસી જીવનના એક ભાગરૂપ છે, એવુ તે વિસરી જાય છે આથી આ મૂલ્ય આદિવાસીઓને હૈયે વસ્યુ નથી.

આમ અનેક સમસ્યાઓ તથા વિવિધ મર્યાદાઓ હોવા છતાં આજે આદિવાસી વિસ્તારોમાં સહકારી આંદોલન ખાસ પ્રયત્નો કર્યા વિના આવકાર નહી પામે એ ચોક્કસ છે. આંધ્રપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ વગેરે ઘટકોમાં થોડોઘણો આવકાર તેને મળ્યો છે પણ એકંદરે જોતાં આદિવાસી

જીવન પર સહકારી આંદોલનનો ઝાઝો ફરક તેઓના પર વર્તાતો નથી. આજે તો આદિવાસીઓ બિન આદિવાસીઓના સંસર્ગમાં રહી અપ્રમાણિક બનવા લાગ્યા છે.

**નિષ્કર્ષ :**

આદિવાસીઓનુ અનેક પ્રકારે શોષણ થાય છે તેમાં સૌથી વધુ શોષણ શાહુકારો દ્વારા થાય છે તેવુ જણાતુ હતું. આદિવાસીઓનુ કેટલુ દેવુ છે અને તેમની પાસેથી ધિરાણ લીધા પેટે કેટલુ વ્યાજ લેવામાં આવે છે તે અંગે ચોક્કસ આંકડાઓ મળતા નથી. છતાં એક વસ્તુ ચોક્કસ છે કે આ પ્રશ્ન જેટલો જટિલ છે તેટલોજ વિશાળ છે.

આ અભ્યાસમાં મોટાભાગના આદિવાસીઓમાં પ્રબળ સમૂહ ભાવના જોવા મળે છે. અને લગભગ અભ્યાસમાં આવરી લીધેલ ગામ પોતાની રીતે સહકારી સમાજ છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આદિવાસીઓમાં વિવિધ રીતે ખેતી કરવાની હોય, માછલાં પકડવા જવાનુ હોય, શિકારે નીકળવાનુ હોય, કોઈ વિધવાનુ ખેતર ખેડવાનુ હોય આવાં કામ સૌ સાથે રહીને કરતા જોવા મળે છે. આમાં એકબીજાને મદદ કરવાની ઉત્તમ ભાવના છે. આ સમુહભાવના કે સહકારની લાગણી આદિવાસી સમાજ અને પંચોમાં આજે પણ જીવંત જોવા મળે છે. તેમ છતાં ધિરાણમાં સહકારનો કાર્યક્રમ આદિવાસીઓમાં જોઈએ તેટલો સફળ નથી નીવડ્યો.

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સને ૧૯૪૬નો મુંબઈ શાહુકાર અધિનિયમ (૩૧મી ઓક્ટોબર ૧૯૪૭ અને ૧૯૬૦-૬૧ના વર્ષમાં ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તારમાં આ કાયદો અમલમાં મુકવામાં આવ્યો હતો. છેલ્લે ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ-૪૪થી થયેલ સુધારા વધારા સાથેનો શાહુકાર ધારો ગુજરાત રાજ્યમાં અમલમાં છે. આ ધારા અન્વયે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અને ભિલોડા તાલુકાના કુલ ૮ ગામ, દાહોદ જિલ્લાના ફતેપુરા અને ઝાલોદ તાલુકાના કુલ ૮ ગામ અને વલસાડ જિલ્લાના વલસાડ તથા ઉમરગામ તાલુકાના ૮ ગામ આમ કુલ ૨૪ ગામ અને ૯૬ ઉત્તરદાતાઓનો આદિવાસીઓમાં શાહુકાર ધિરાણ જાતિ અંગે અભ્યાસ કરેલ છે. આ અભ્યાસમાં મહત્વના નિષ્કર્ષો નીચે પ્રમાણે છે.

(૧) ભારત સરકાર અને ગુજરાત સરકારે શોષણ વિહિન સમાજરચનાને આદર્શ તરીકે સ્વીકારેલ છે. આ માર્ગદર્શન આદર્શને મૂર્તિમંત કરવા નાણાં, સત્તા અને મોભાને કારણે સમાજના નબળા આદિવાસી વર્ગનુ શોષણ થતુ અટકે તે માટે કાયદો કાયદાનું કામ કરે છે. કુદરતી હોનારત, દુષ્કાળ, શિક્ષણ અંગેની સમસ્યા, આરોગ્ય અંગેની વિવિધ તકલીફો, આર્થિક વિટંબણાઓ, ખેતીની વિવિધ સમસ્યાઓ વગેરે પહોંચી ન વળવાના કારણે દુર્ગમ વિસ્તારોમાં વસ્તા આદિવાસીઓને મને કે કમને ઉંચા વ્યાજના દરે નાણાં ગામમાં કે ગામની નજીક રહેતા હોય તેવા શાહુકારો, પછી તે કાયદાની વ્યાખ્યામાં આવતા હોય કે ન આવતા હોય, તો પણ

વચોટીયાઓ મારફત બહુજ સમજણથી આ વ્યવહાર ચાલે છે. લાયસન્સવારો બહુજ ઓછા છે. પણ વગર લાયસન્સના વ્યવહારો વધુ છે જે સાબિત કરવા સમાજની અંદર ઘણુજ અઘરું છે.

(૨) અભ્યાસ આધારિત નિષ્કર્ષમાં જોતાં ૯૨.૭૧ ટકા ઉત્તરદાતાઓ કાચાં મકાન ધરાવે છે તેમાં એક ઓરડો ધરાવતા ૪૦.૬૨ ટકા અને બે ઓરડા ધરાવતા ૫૨.૦૮ ટકા છે તેઓ મોટાભાગના મકાનની દિવાલ માટી અને સાંઠીની બનાવેલ છે. ઘરની ઉપર ૬૬.૬૭ ટકા લોકો દેશી નળિયાં અને ૩૭.૦૦ ટકા ઉપર ઘાસ-પાંદડાંની છાજ હોય તેવા ૩૭.૦૦ જોવા મળે છે.

(૩) તેઓના પશુઓને બાંધવા માટે અલગ અને સાથે તથા કેટલાક ખુલ્લામાં બાંધતા જોવા મળ્યા છે. અહિ તેઓના રહનસહનથી આખી પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. આ મોટાભાગના સાબરકાંઠા અને વલસાડ જિલ્લાના કાચા મકાન છે. છતાં તેમાં નોકરીયાત અને શિક્ષણનું પ્રમાણ ઠીક ઠીક જોવા મળે છે. જ્યારે દાહોદ જિલ્લામાં પરિસ્થિતિ સારી જોવા મળતી નથી.

(૪) સર્વેક્ષિત કુટુંબોના સભ્યોની શૈક્ષણિક સ્થિતિ જોતાં અભણ હોય તેવા પુરુષ ૧૫.૫૬ ટકા સ્ત્રીઓ ૨૨.૬૧ ટકા, બાલવાડી પુરુષ ૨.૮૮ ટકા અને સ્ત્રી ૧.૯૬ ટકા જ્યારે પુરુષ ૭.૭૧ ટકા અને ૬.૦૧ ટકા સ્ત્રીઓ માધ્યમિક શિક્ષણ લે છે તેની સામે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ ૫.૬૨ ટકા પુરુષો અને ૩.૫૩ ટકા સ્ત્રીઓ ફક્ત શિક્ષણ મેળવે છે. જ્યારે અન્ય રીતે ટેકનીકલ, વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવતા હોય તેવા પુરુષો ૩.૧૪ ટકા અને ૩.૯૨ ટકા સ્ત્રીઓ શિક્ષણ મેળવે છે. આમ કુલ શિક્ષણ પુરુષ ૪૮.૮૯ ટકા અને સ્ત્રીઓ ૫૧.૨૧ ટકા શિક્ષણ મેળવતા થયા છે. જે પહેલાંના પ્રમાણમાં આ શિક્ષણનું પ્રમાણ એછુ હતુ પરંતુ હાલમાં આદિવાસીઓ માટે સરકાર તરફથી સગવડતા વધતાં શિક્ષણમાં ધીમો પણ મક્કમ સુધારો થતો જાય છે.

(૫) પ્રસ્તુત અભ્યાસમાં જોઈ શકાય છે કે સર્વેક્ષિત કુટુંબોમાં દેવુ વધારે જોવા મળે છે. તેમાં ખાસ કરીને ૧ થી ૧૨ વર્ષ સુધી દેવુ કરતા મોટાભાગના કુટુંબો જોવા મળે છે. આ દેવુ કરવા માટે સામાજિક રીતરિવાજો, સિંચાઈની સગવડતા માટે, બાળકોના શિક્ષણ માટે પોતાના ધંધા માટે, પશુ ખરીદવા, જુના દેવાની ચૂકવણી વગેરે કારણોસર પોતે દેવુ શાહુકારો પાસે કરતા જોવા મળ્યા છે. આ દેવુ ધીરનારા મોટાભાગે સહકારી બેંકો, શાહુકારો, સગાસંબંધી, રાષ્ટ્રીયકૃત બેંકો તથા અન્ય રીતે આ દેવુ કરતા જણાયા છે અને બેંકો તથા શાહુકારો વચ્ચેના વ્યાજના દરો જુદા જુદા હોવાનુ જાણવા મળે છે.

(૬) સર્વેક્ષિત કુટુંબોમાં ગીરવે વસ્તુ, આર્થિક મુશ્કેલી અને તેના ઉકેલ અંગેની વિગતો જોતાં જમીન ગીરવે ન રાખવા પાછળ ૭૩AA નો કાયદો હોવાથી શાહુકારો ગીરવે રાખતા નથી. જ્યારે દાગીના (સોના-ચાંદીના) કોરાચેક, વગેરે ગીરવે રાખે છે. પરંતુ શાહુકારો રેકર્ડ પર કે જુના ચોપડામાં લખતા નથી. આ શાહુકારો ધિરાણ મોટાભાગે ખેડબ્રહ્મા, ફતેપુરા, ઝાલોદમાં

વચોટિયા મારફતે ઉંચા વ્યાજના દરે ધીરાણ આપે છે. વ્યાજનો દર કેટલો આપે છે તો તેઓ સરકારી નિયમ મુજબનો ૧૮ ટકા જણાવે છે. વાતચીત કરતાં મૌખિક તેઓ ઉંચા દરે નાણાં લેતાં હોય છે. બાપદાદાએ જે જમીન ગીરવે આપી તેનાથી આર્થિક મુશ્કેલીઓમાં ભરણપોષણ, શિક્ષણ લેવામાં, સામાજીક સંબંધો જાળવવા, તહેવાર ઉજવવા, જુનુ દેવુ ભરપાઈ કરવાની, રોજગારી, મોજશોખ, અન્ય વગેરે પારાવાર મુશ્કેલીઓ સહન કરવી પડે છે. તેઓ પોતે ઉપર આભ અને નીચે ધરતી રસ્તો બતાવે તેમ કહે છે. તેઓ આનો ઉકેલ કેવી રીતે કરે છે તે જોઈએ તો ઉત્તરદાતાઓ પોતે બહારગામ પાંચમા કે છઠ્ઠાભાગે જમીન ખેડીને, કડીયાકામ, રોડકામ, પથ્થર તોડવાનુ, આરસપહાણની ખાણોમાં જંગલમજુરી વગેરે કરીને દુષ્કાળ જેવી કપરી સ્થિતિમાં જીવન ગુજારે છે. કરકસર કરીને, દેવુ કરીને કે પશુઓને વેચીને, શહેરોમાં ફેકટરીમાં મજુરીએ જઈને, સરકારી સહાય મેળવીને વગેરે જે મળે તે પોતાનુ વતન છોડીને પોશીના વિસ્તાર કે ફતેપુરા-ઝાલોદના આદિવાસીઓ આ રીતે મજુરી કરી આવક મેળવે છે અને તેમાંથી શાહુકારનું વ્યાજ ચૂકવે છે. જુનુ દેવુ પરત કરી ઘણીવાર નવુ દેવુ તેઓ કરતા હોય છે. આ જાતનો પરિશ્રમ કર્યા વગર બીજો કોઈ વિકલ્પ આ આદિવાસીઓ જણાવતા નથી.

(૭) સર્વેક્ષિત કુટુંબમાં કમાનાર અને નહીકમાનારની સંખ્યા જોઈએ તો આ સમાજમાં સ્ત્રી અને પુરૂષ બંને મજૂરીધંધો કરતા જણાય છે. જંગલ પેદાશ લેવા જવાનુ હોય, ભાગે કમાવા જવાનુ હોય કે ખેતીનુ કામ હોય તો બધાજ કામમાં સ્ત્રી-પુરુષો સાથે કામ કરતા જણાયા છે. સરકારી મજુરીનો દર છે તેનાથી તેઓ અડધા દરે મજુરી કરે છે. વધુ માંગવા જઈએ તો બીજા દિવસે કામ પર બોલાવતા નથી. મજુરી કરવા માટે કાયમી અમારો પનારો પડ્યો છે અને સંબંધ બગાડતા નથી કેમકે વારતહેવારે વધારાના પૈસા માંગીએ તો આપે. જો સંબંધ બગડે તો નાણાં આકસ્મિક પ્રસંગે આપવાનુ ના પાડે છે. સતત દુષ્કાળ ૪ વર્ષથી ખેડબ્રહ્મા, ફતેપુરા, ઝાલોદમાં હોવાથી આર્થિક સંકડામણ ઘણી બધી વધી ગયાનુ જણાવે છે.

(૮) સર્વેક્ષિત કુટુંબોની જમીનમાં ત્રણે જિલ્લામાં સરેરાશ ૩ થી ૬ એકર જમીન આદિવાસીઓ ધરાવે છે. જેમાં પિયત વિસ્તાર ફક્ત ૧ થી ૪ એકર જ કરી શકે છે. મોટાભાગે ખેડબ્રહ્મા, ભિલોડા, ફતેપુરા, ઝાલોદ તાલુકાના તથા વલસાડ અને ઉમરગામના કેટલાક વિસ્તારો કૂવા અને બોરવેલથી સિંચાઈ કરે છે. જ્યારે વલસાડના અડધાભાગમાં નહેરથી સિંચાઈ કરી શેરડી-ડાંગર, શાકભાજી, ફળફળાદીની ખેતી કરતા જોવા મળ્યા છે. ઉત્તર ગુજરાતમાં ખેડબ્રહ્મા, ભિલોડા, ફતેપુરા, ઝાલોદમાં મકાઈ, અડદ, તુવર, ઘઉ વગેરે પકવે છે પરંતુ છેલ્લા ૪ વર્ષથી દુષ્કાળ હોવાના કારણે પાક લેવાનુ પ્રમાણ ઘણુ ઓછુ જોવા મળે છે. આ વિસ્તાર પિયતનો નથી. સવાલ એ થાય કે આ વિસ્તારમાં મોટા બંધો છે તો પાણી કેમ નહી ? પણ એની નહેરો બધીજ દક્ષિણ દિશામાં ખેડા જિલ્લામાં જવાના કારણે તથા આદિવાસી વિસ્તારમાં ક્યાંયે

પણ નહેર ન હોવાના કારણે સિંચાઈની હાલમાં કોઈ જ વ્યવસ્થા નથી અને કરવામાં પણ આવેલ નથી. આ વિસ્તારના કુટુંબોને મજુરી કર્યા વગર છૂટકો જ નથી તેમ કહી શકાય.

આઝાદીના આટલાં વર્ષો પસાર થયાં, સુંદર આયોજનો થયાં, આદિવાસીઓ માટે આઝાદી પહેલાં અને પછી તેઓને મુક્ત કરવા માટે વિવિધ સમિતિઓ, તજજ્ઞનો ઉપયોગ, કડક કાયદાઓ અને અમલીકરણમાં કેટલીક ખામીઓને કારણે આદિવાસીઓને વિકાસ માટે જેટલી સફળતા મળવી જોઈએ તેટલી મળી નથી. આ શાહુકારધારા હેઠળ તથા અન્ય રીતે તેઓનું વધુ પડતુ શોષણ ન થાય તે જોતાં સરકારે બેંકીગ ધિરાણ સરળ બનાવવું, નાબાર્ડ જેવી સંસ્થાઓ ભાગ લઈ તેઓને મદદ કરવી જોઈએ તેમ જણાવે છે. સહકારી મંડળી અને બેંકોએ બચત કરવા માટે પ્રોત્સાહન આપવાનુ, નાણાંકીય વ્યવસ્થા સરળ બનાવવાનું, નાણાંનુ સર્જન કરવાનુ કામ, ઉત્પાદકિય ક્ષેત્રોમાં ધિરાણની વ્યવસ્થા કરવુ જોઈએ. આ માળખુ જો બરાબર કરવામાં આવે તો આદિવાસી વિકાસમાં શાહુકારોનુ શોષણ અટકે અને નવુ કરવાની પ્રેરણા પરિવર્તન લાવી શકે. ત્રણે જિલ્લામાં શોષણ ન થાય તે માટે શું કરવું જોઈએ તે જોતાં બિન જરૂરી ખર્ચા ઘટે તે માટે તાલીમ-જાગૃતિ લાવવી જોઈએ, ખેતીની જે જમીન છે તેમાં સિંચાઈ આપી બગીચાની જેમ ઉત્પાદન મેળવીને બજારમાં રોકડી આવક મેળવવાનું ગોઠવવુ જોઈએ, ગામડામાંજ નાણાંકીય વ્યવસ્થા ઓછા વ્યાજે મળે તેવી ગમે તે રીતે વ્યવસ્થા કરવી જોઈએ જેથી શાહુકારો પાસે જવુ ન પડે, અંધશ્રદ્ધા અને પરંપરાગત જે રૂઢિયો છે તેમાંથી બહાર આવીને શૈક્ષણિકક્ષેત્રમાં જાગૃતિ આવે અને બાળકો ભવિષ્યમાં પ્રગતિ કરે તેવા કાર્યક્રમો કરે તો આવનાર પેઢી શાહુકારના શોષણમાંથી મુક્ત થઈ શકે. આ આખો પરિશ્રમ લાંબાગાળાનો સમય માંગીલે છે. પણ આ ક્ષેત્રો ગ્રામ્યકક્ષાએ દિવસ કે રાત્રે જયારે જરૂર પડે ત્યારે ગામમાં જ ઉપલબ્ધ થાય તો ગામનો આદિવાસી બહાર જવાનો નથી. આઝાદી પછી આજે પણ કેટલાએ ગામમાં પીવાના પાણી માટે બે-ત્રણ કિલોમીટર દુષ્કાળમાં ગયા પછી પાણી ન મળતુ હોયતો અન્ય સુવિધાઓ ક્યાંથી પ્રાપ્ત થઈ શકે, એ એક મોટી સમસ્યા છે.

એટલુ કહી શકાય કે આ અભ્યાસ ઘણોજ અઘરો છે. કાયદાની ભાષામાં સાબિતી માંગે પણ જયાં આદિવાસી અને શાહુકાર વચ્ચે એકજ બોલી હોય, લગ્ન પ્રસંગે જતા હોય, વારતહેવારે નવા અનાજ તથા બકરા-મરઘાની વિનિમય પ્રથા હાલમાં પણ ચાલતી હોય, આદિવાસી અડધી રાત્રે બાળકને કે મોટાને સાપ કરડ્યો હોય કે ડિલેવરી હોય તો તેવા વખતે પોતાનુ સાધન આપે વ્યાજે નાણાં આપે અને તાત્કાલિક સારવાર માટે દવાખાને મોકલે અથવા કેટલીક વખત આદિવાસીઓ કગરે તો પોતે સાથે જાય છે. સારવાર કરાવીને સારો થયા પછી હિસાબ કરવા માટે આદિવાસીઓને બોલાવે છે. બીજુ કે નામ ન આપવાની શરતે ઉત્તર ગુજરાતમાં જે કુટુંબોની મુલાકાત લીધેલ તેમણે જણાવેલ કે શાહુકાર કશુજ ખોટુ કરતો નથી. પોતે દુષ્કાળમાં બે વર્ષ્ સુધી મકાઈ ખાવા માટે આપેલ છે અને હિસાબ પછી કરાવજે. જમીન કે દાગીના ગીરવે મૂક્યા નથી પરંતુ અનાજ પાકશે એટલે

તે ડબલ પોતાને ત્યાં નંખાવે છે. હાલ પુરતુ તુ લઈ જા એમ કહે છે. આ જમીન સ્થાનિક વહીવટ તેઓના અંદરોઅંદરના વર્ષોથી સંબંધ ત્રણ-ચાર પેઢીથી બંધાયેલા વારસાગત જોયા છે. આ સાંકળ તોડવી એ બહુજ અઘરૂ છે. નિષ્કર્ષમાં જરૂરી કેટલીક વિગતો મૂકી છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થા સાથે મળીને કાયદા વગર તેનો કાયમી ઉકેલ શુ હોઈ શકે તે ધ્યાન પર લાવી ને કામ કરે તો કોઈપણ રીતે સફળતા મળતાં વાર નહીં લાગે.

**સૂચનો :**

(૧) સહકારી ધિરાણને માલવેચાણ સાથે સાંકળી લઈ આદિવાસીની બધી જરૂરિયાતો માટે ધિરાણ કરવુ જોઈએ. આમ થશે તોજ તે શાહુકારના પંજામાંથી ફરી પાછો સપડાતો બચી શકશે. અનાજ ભંડારોની યોજનાને વિસ્તૃત કરી તે વધારવી જોઈએ તથા તેમની દ્વારા રોકડ ધિરાણ પણ કરવુ જોઈએ.

(૨) આદવાસીઓનું શોષણ અટકાવવા માટે બધાજ ક્ષેત્રોમાં સહકારી પ્રવૃત્તિને વિસ્તારવી જોઈએ તથા તેનો યોગ્ય વિકાસ થાય તે માટે જરૂરી મધ્યસ્થ સંસ્થા ઉભી કરવી જોઈએ. આ સંસ્થા સહકારી મંડળીઓએ ભેગો કેરલો માલ વેચી આપવાનુ કામ કરે તથા સભાસદોની જરૂરિયાતો પૂરી પાડવા માટેના માલની ખરીદી કરીને મંડળીઓને તે પૂરો પાડે.

(૩) શાહુકારી ધિરાણ પર ચાંપતી દેખરેખ રાખવી જોઈએ તથા તેને કડક નિયમો લાગુ કરવા જોઈએ. સહકારી ધિરાણને વધુમાં વધુ ઉત્તેજન આપવુ જોઈએ.

(૪) દેવાની વસુલાત રોકડ રકમમાં નહી પણ પાક લઈને કરવામાં આવે છે, તેથી પાકના વજન અને ભાવ બંનેમાં ખેડૂતોને સારી રીતે છેતરાય છે તો તે અંગેની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

(૫) કોર્ટ કચેરીમાં આદિવાસી ખેડૂતો ફાવે નહીં તેટલા માટે આખુ તંત્ર શાહુકારો પોતાના કબજામાં રાખે છે આથી કેસો આદિવાસી ખેડૂતોની ગેરહાજરીમાં ચાલી ન જાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૬) આદિવાસી ખેડૂતોની સહકારી મંડળીઓ ફાવે નહીં એટલા માટે તેમને તોડી નાખવાના બધાજ પ્રયત્નો શાહુકારો તરફથી થતા હોય છે તો તેમ ન બને તે માટે સરકારે યોગય માળખુ ગોઠવવું જોઈએ.

(૭) દેવાદાર મટી જાય એટલે આપોઆપ હપ્તા બંધ થાય એવી જોગવાઈ રાખવી જોઈએ. હપ્તાની વસુલાત શાહુકારને સીધેસીધી ન કરવા દેતાં સરકારી તંત્ર મારફતે તે થવી જોઈએ, જેથી શાહુકાર ને દેવાદાર વચ્ચેનો સીધો સંબંધ કપાઈ જાય.

(૮) લાયસન્સ વિના બિનઆદિવાસી કે આદિવાસી કોઈપણ વ્યક્તિને આદિવાસી વિસ્તારોમાં ધિરાણ કરવાની મનાઈ ફરમાવવા જોઈએ. આવાં લાયસન્સો પૂરી તપાસ કરીને લાયક માણસોને જ

આપવાં જોઈએ. કાયદાનો જરા સરખો ભંગ કરનારાઓ પાસેથી તે તરત જ પાછાં લઈ લેવાં જોઈએ.

(૯) ધિરાણ માટેનાં પત્રકો, પહોંચો, પાસબુકો વગેરે ફરજીયાત રાખવાં જોઈએ.

(૧૦) ધિરાણ લેનારાઓને તેમનાં બાકી દેવાં અંગેની અવારનવાર લેખિત ખબર આપવાનું ફરજીયાત બનાવવું જોઈએ.

(૧૧) કાયદેસરના ધિરાણ સિવાયની બધી લેવડદેવડને ગેરકયાદેસર ધિરાણ ગણવુ જોઈએ.

(૧૨) ધિરાણની વસુલાત રોકડેથી જ કરવી જોઈએ. ધિરાણ પેટે પાક કબજે લેવાની મનાઈ ફરમાવવી જોઈએ.

(૧૩) ધિરાણ પેટે અમુક વર્ષ સુધી નોકરી (કામ) કરવાના કરારનામા (લેખિત કે અલેખિત) ગેરકાયદેસર ગણવાં જોઈએ.

(૧૪) ધિરાણનું કામકાજ કરનારાઓને ખેતીના માલની લેવેચ કરતા કે કોન્ટ્રાકટનું (વચોટિયા) કામ કરતા અટકાવવા જોઈએ.

(૧૫) ધિરાણ પેટે વસુલાત માટે જપ્તીમાંથી ખેડૂતને ખાવા જેટલુ અનાજ અને બીયારણ માટે જરૂરી અનાજ મળી રહે તેમ કરવું જોઈએ.

(૧૬) આદિવાસીઓ કરકસર કરતાં શીખે, પોતાની આવકમાંથી નાની બચત મંડળીઓ મારફત બચત કરે, અને ભવિષ્યનો વિચાર કરતા થાય એ માટે જરૂરી પ્રોત્સાહન આપવા સમાજશિક્ષણના કાર્યક્રમો અસરકારક બનાવવાના પ્રયાસો કરવા જોઈએ.

(૧૭) આદિવાસીઓની મુલાકાત લેતાં બિન ઉત્પાદક હેતુસર લોન આપવી જોઈએ તેમ સૌ માને છે. પરંતુ શાહુકારને દૂર કરવા માટે આ પ્રકારની લોનો પણ ધિરાણ મંડળીઓએ આપવી જોઈએ. પણ મંડળીઓ પાસે હાલમાં એવી તાકાત નથી કે આ પ્રકારની લોન બધાંને આપી શકે. તેમ છતાં 'ઉત્પાદક' હેતુઓના બહાને લોન મેળવી બિન-ઉત્પાદકિય હેતુઓ માટે કરેલુ દેવુ ભરપાઈ કરવા લોન આપવી એ વિષચક્ર વહેલી તકે તોડવુ જોઈએ અને લોકોને પ્રતિતી થવી જોઈએ કે લોન લેવા હવે શાહુકાર પાસે જવાની જરૂર નથી. આ કામ ઘણુજ કપરૂ છે, છતાં લોકોને આ દિશામાં કેળવવાની જરૂર છે.

(૧૮) દેશના જુદા જુદા રાજ્યો તથા ગુજરાતના આદિવાસીઓમાં નજર ફેરવીએ તો જણાય છે કે પરિસ્થિતિમાં આજે ઘણો ફેર પડ્યો છે. શાહુકારોના દિવસો હાલમાં ઘણી જગ્યાએ ગણાવા માંડ્યા છે. લોકોમાં શિક્ષણ તથા ઘણીબધી રીતે જાગૃતિ આવી છે અને આદિવાસી વિકાસ કાર્યક્રમોની લોકમાનસ પર પણ અસર પડવા લાગી છે. આજથી ૨૦ વર્ષ પહેલાં જે પરિસ્થિતિ હતી તેમાં આજે તો સારો એવો બદલાવ (ફેર) જોવા મળે છે.

# મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજોમાં અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને સાધનો માટે અપાતી શૈક્ષણિક સહાય યોજના (બીસીકે-૧૪૧)

## મૂલ્યાંકન અભ્યાસ

શ્રી કાન્તિલાલ ડા.મકવાણા

મેડીકલ અને એન્જીનીયરીગ કોલેજોમાં અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને સાધનો માટે અપાતી શૈક્ષણિક સહાય યોજનાનો લાભ લેવામાં કોઈ તકલીફ પડતી હોય તથા તેના વહીવટીય માળખામાં કોઈ ફેરફાર કરવા જેવો લાગે તો તે અને સરળતાથી આ યોજનાનો વિદ્યાર્થીઓ લાભ લઈ શકે તે માટે આ યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ કમિશનર, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા સોંપાયો હતો.

આ યોજનાના આરંભકાળથી જ અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટેના કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકાવા લાગી પરંતુ તેનું શું પરિણામ આવ્યું તથા યોજના કેટલી અસરકારક રહી તે ખૂબ જ જરૂરી બને છે, કારણકે ભવિષ્ય અંગેનું આયોજન કરતી વખતે તે ખૂબજ ઉપયોગી બની રહે છે અને તેની અસરોને લઈને કાર્યક્રમની સફળતા નિષ્ફળતાના કારણો લઈ તેનો અભ્યાસ કરવામાં આવે છે. આવી યોજનાઓ કે કાર્યક્રમના અમલમાં તેની સફળતા તેમજ તેની નિષ્ફળતાના વિવિધ પરિણામોના અન્વેષણના આધારે પરિણામો અને તારણો શોધવામાં આવે છે. ટૂંકમાં મૂલ્યાંકન એટલે આયોજિત કાર્યક્રમો અને યોજનાઓના અમલનો હેતુલક્ષી તેમજ પ્રશ્નલક્ષી અભ્યાસ.

**સાધન સહાય યોજના : (બીસીકે-૧૪૧) :**

મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનો ખરીદવા માટેની આ યોજના બીસીકે-૧૪૧ની અમલમાં છે. આ યોજના તા.૧૫-૭-૧૯૯૭ના ઠરાવ ક્રમાંક પીએમએસ/૧૫૯૭/૧૭૯/ગ દ્વારા અમલમાં આવી હતી.

એન્જીનીયરીંગ અને મેડીકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રેકટીકલ માટે જરૂરી એવા શૈક્ષણિક સાધનો વસાવવાના હોય છે, પરંતુ અનુસૂચિત જનજાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેઓ આવા શૈક્ષણિક સાધનો ખરીદી શકતા નથી. આથી આવા શૈક્ષણિક સાધનો ખરીદવાના ખર્ચને પહોંચી વળવા સહાયરૂપ થવા સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજોમાં અભ્યાસ કરવા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક સાધનો ખરીદવા માટે રૂા.૧,૦૦૦//- (અંકે રૂપિયા એક હજાર પુરા)ની સહાય આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

યોજનાનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો

થાય, યોજના દ્વારા આર્થિક મદદ મળી રહે, નાણાંના અભાવે ગરીબ વિદ્યાર્થી અભ્યાસ છોડી ન દે, યોજનાના અમલથી બીજાવિદ્યાર્થીઓને પણ આગળ ભણવા માટેની પ્રેરણા મળી રહે.

**ક્ષેત્રકાર્ય અને નમૂના પસંદગી :**

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસનું ક્ષેત્રકાર્ય સુરત અને વલસાડમાં કરવામાં આવ્યું હતું. આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા અપાયેલી પાછલા વર્ષના લાભાર્થીઓની યાદીના આધારે આદિવાસી ક્ષેત્રના સૌથી વધુ લાભાર્થીઓને કેન્દ્રમાં રાખીને સુરતના ૬૦ અને વલસાડના ૪૦ આમ કુલ ૧૦૦ વિદ્યાર્થીઓને આ અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા. અનુસૂચિ દ્વારા તેમની શૈક્ષણિક, આર્થિક, કૌટુંબિક અને આ અભ્યાસને લગતી ઊંડાણપૂર્વકની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સીપાલ તથા જે તે જિલ્લાના તકેદારી અધિકારીઓના અભિપ્રાયો પણ લેવામાં આવ્યા હતા.

**અભ્યાસના નિષ્કર્ષ (તારણો) સમસ્યાઓ અને સૂચનો :**

આ અભ્યાસના નિષ્કર્ષ નીચે મુજબ છે.

(૧) મેડિકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા અને આ યોજનાનો લાભ લેતા આદિવાસી વિદ્યાર્થીઓની પેટાજાતિમાં સૌથી વધુ ૪૨ ટકા વિદ્યાર્થીઓ ધોડિયા પટેલ હતા.

(૨) કઈ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા હતા તેમાં સૌથી વધુ ૩૮ ટકા ઈલેક્ટ્રીકલ અને મિકેનીકલ એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા હતા અને કન્યાઓ સૌથી વધુ ૧૨ ટકા એમ.બી.બી.એસ.માં અને કોમ્પ્યુટર એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતી જોવા મળી હતી.

(૩) વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓમાં સૌથી વધુ ૩૫ ટકા ૧૯ વર્ષની ઉંમર ધરાવતા હતા.

(૪) તેઓના મકાનનો પ્રકાર જોઈએ તો ૬૨ ટકા કાચા મકાનો ધરાવતા હતા અને ૪૧ ટકાને બે ઓરડાવાળા હતા.

(૫) સૌથી વધુ ૯૬ ટકા પોતાની માલિકીનું મકાન ધરાવતા હતા. જેમાં ૯૦ ટકાની જમીનની માલિકી પોતાની હતી.

(૬) પાયાની સુવિધાઓ અંગે જોઈએ તો સૌથી વધુ ૪૫ ટકા કુટુંબોના ઘરે કે જાહેરમાં પાણીની સુવિધાઓ નથી.

(૭) જાજરૂની સગવડતા અંગે જાણવા મળ્યું હતું કે ૫૬ ટકા પોતાના ઘેર સગવડતા ધરાવતા હતા. ૪૦ ટકાને ત્યાં જાજરૂની સગવડતા નથી અને ૪ ટકા જાહેર જાજરૂની સગવડતા ધરાવતા હતા.

(૮) વીજળીની સુવિધામાં ૯૧ ટકા કુટુંબોના ઘરમાં વીજળીની સગવડતા હતી, ૯ ટકાના ઘરમાં ન હતી. ૭૯ ટકા કુટુંબોના આંગણામાં વીજળીની સગવડતા મળી ન હતી.

(૯) કુટુંબના સભ્યોમાં ૫૪.૮૪ ટકા પુરૂષો હતા અને ૪૫.૧૬ ટકા સ્ત્રીઓ હતી.

(૧૦) કુટુંબના સભ્યોની ઉંમરના વયજુથમાં જોઈએ તો સૌથી વધુ સંખ્યા ૩૬ થી ૫૦ વર્ષની ઉંમર ધરાવનાર પુરૂષોમાં ૮૮ (૩૧.૧૦ ટકા) અને સ્ત્રીઓ ૮૪ (૩૬.૦૫ ટકા) હતી.

(૧૧) કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જામાં પુરૂષોમાં ૪૩.૧૧ ટકા પરિણિત હતા, ૫૪.૦૬ ટકા અપરિણિત અને ૨.૮૩ ટકા વિધુર હતા. તેજ રીતે સ્ત્રીઓમાં ૫૧.૫૦ ટકા પરિણિત હતી. ૪૩.૭૮ ટકા અપરિણિત અને ૪.૭૨ ટકા વિધવા જોવા મળી હતી.

(૧૨) કુટુંબના સભ્યોના શિક્ષણની સ્થિતિ જોઈએ તો અભણ પુરૂષો ૧૩.૦૭ ટકા અને સ્ત્રી ૨૪.૮૯ ટકા હતી. સૌથી વધુ પુરૂષો ૧૧.૬૬ ટકા અને સ્ત્રીઓ ૧૪.૧૬ ટકા માધ્યમિક કક્ષા સુધી જ લીધેલી હતી. જેનો અભ્યાસ ચાલુ છે તેવા કુટુંબના સભ્યોમાં વધુ ટેકનીકલ અને ડીપ્લોમામાં અભ્યાસ કરતા પુરૂષો ૨૪.૦૩ ટકા અને સ્ત્રીઓ ૧૨.૦૨ ટકા જોવા મળી હતી.

(૧૩) જેમ જેમ શિક્ષણની કક્ષા વધતી જાય છે તેમ કન્યાઓનું પ્રમાણ ઘટતું જાય છે.

(૧૪) કુટુંબના વ્યવસાયમાં સૌથી વધુ ૫૧ ટકા ખેતી સાથે સંકળાયેલા હતા અને ૧૨ ટકા બંને મજુરી સાથે સંકળાયેલા હતા.

(૧૫) અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોમાં સૌથી વધુ ૨૮ ટકા રૂા.૨૫૦૦૧થી વધુ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા હતા, એજ રીતે ૨૨ ટકા રૂા.૨૫ હજારથી વધુ ખર્ચ કરતા જોવા મળ્યા.

(૧૬) ૪૦ ટકા કુટુંબો દેવાદાર હતા તેમાં દેવું કરવામાં સૌથી વધુ ૨૨ ટકા શિક્ષણ મેળવવા પાછળ દેવુ કરતા હતા જેઓ રૂા.૫૦૦૦થી માંડીને રૂા.૨૫૦૦૦ સુધીનું દેવું કરતા હતા.

(૧૭) અભ્યાસ દરમ્યાન યોજના અંગે પ્રશ્નોત્તરી દરમ્યાન માહિતી મળી હતી તેમાં ૭૧ ટકા વિદ્યાર્થીઓને કલાર્ક પાસેથી યોજના અંગેની માહિતી મળી હતી.

(૧૮) યોજનાનો લાભ લેવામાં ૬૫ ટકાને મુશ્કેલી પડી હતી. તેમાં સૌથી વધુ ૪૬ ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે ધક્કા ખવરાવે છે.

(૧૯) મુશ્કેલી દુર કરવા શું કરવું જોઈએ એવું પૂછતાં ૫૧ ટકાએ યોજનાની સત્રની શરૂઆતમાં મળવી જોઈએ તેવું સૂચન કર્યું હતું.

(૨૦) અત્યારે આ યોજના બરોબર છે ? તેના જવાબમાં ૬૩ ટકાએ જણાવ્યું હતું કે આ યોજના અત્યારે બરોબર છે.

(૨૧) યોજનાની રકમ પૂરતી છે કે અપૂરતી એમાં ૯૮ ટકાએ જણાવ્યું હતું કે આ યોજનાની રકમ અપૂરતી

છે અને અપૂરતી હોવાનું કારણ આપતા ૮૬ ટકાએ રકમ ઓછી છે એમ જણાવ્યું હતું.

(૨૨) યોજનાની રકમ કેટલી આપવી જોઈએ તેના જવાબમાં સૌથી વધુ ૮૫ ટકામાં ૫૦ ટકાએ રૂા.૩૦૦૦ સુધી આપવી જોઈએ એમ જણાવ્યું હતું અને ૩૫ ટકાએ રૂા.૨૫૦૦ સુધી આપવી જોઈએ એમ જણાવ્યું હતું.

(૨૩) ૭૫ ટકાએ યોજનાના માળખામાં ફેરફાર કરવા જેવો નથી એમ જણાવ્યું હતું.

(૨૪) ૯૯ ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે આ યોજનાથી લાભ થયો છે તેમાં સૌથી વધુ ૭૨ ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે આ યોજનાથી ગરીબ વિદ્યાર્થીઓને આ યોજનાથી આર્થિક મદદ મળી છે.

(૨૫) કૉલેજ કક્ષાએ સૂચન કરતા જણાવ્યું હતું કે કૉલેજ જલ્દી લીસ્ટ મોકલવું જોઈએ અને રકમ કેશમાં અથવા બેરર ચેક રૂપે આપવી જોઈએ.

(૨૬) જિલ્લાકક્ષાએ સુચન કરતાં ૫૯ ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે સત્રની શરૂઆતમાં રકમ મળે તેવી કાર્યવાહી કરવી જોઈએ જેથી દેવુ ન કરવું પડે.

**વિદ્યાર્થીઓની સમસ્યા :**

આ યોજનાનો લાભ લેવામાં કઈ કઈ મુશ્કેલીઓ પડે છે તે અંગે પૂછતાં વિદ્યાર્થીઓએ વિવિધ સમસ્યાઓ જણાવી હતી. આ મુશ્કેલીઓ તેમના જ શબ્દોમાં જોઈએ.

(૧) ક્ષેત્રકાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે અત્યારે મોંઘવારી વધુ છે તેથી ૧૦૦૦ રૂપિયામાં કંઈ ન થાય. આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યા એ છે કે ગરીબ કુટુંબોમાંથી આવે છે. માતા-પિતા ખેતી સાથે સંકળાયેલા છે છતાં અભ્યાસ કરે છે ત્યારે ખર્ચ વધી જાય છે તેમાં પણ મેડીકલ કરતાં એન્જીનીયરીંગમાં વધુ ખર્ચ થાય છે. ૧ વર્ષમાં ૨૦ હજાર સુધી થઈ જાય છે તેથી આ ખર્ચને પહોંચી વળવા માટે માતા-પિતા શક્તિમાન હોતા નથી. ખેતીનું વરસ ખરાબ આવે તો તેમાં દેવું થાય અને છોકરાને પણ ભણાવવાનો હોય છે.

(૨) મા-બાપે પુત્રના અભ્યાસ માટે પણ દેવું કરવું પડે છે.

(૩) એ સારું છે કે સરકારી હોસ્ટેલમાં ખાવાનો અને રહેવાનો ખર્ચ થતો નથી નહીંતર એ ખર્ચ ભોગવવાનો હોય તો ભણી જ ન શકાય એવો પ્રતિભાવ એક વિદ્યાર્થીએ આપ્યો હતો.

(૪) ખૂબ જ મોડો આ યોજનાનો લાભ મળે છે એ પહેલા સાધન લાવવા ઉછીના લેવા પડે છે અથવા દેવું કરવું પડે છે.

(૫) કૉલેજમાં નોટીસ બોર્ડ પર આ યોજનાની કોઈ માહિતી મૂકાતી નથી. તેથી નવા આવનાર વિદ્યાર્થીઓને આ યોજના વિષે ખબર જ પડતી નથી. તેને કોઈ કહે ત્યારે જ ખબર પડે છે.

(૬) કૉલેજના વહીવટકર્તાઓ આ યોજનાને ગંભીરતાથી ન લેતા હોવાથી તેનું કામ વિલંબમાં પડે છે.

(૭) કલાર્કો પૂછીએ ત્યારે વ્યવસ્થિત જવાબ આપતા નથી અને ધક્કા ખવરાવે છે.

(૮) ઘણી કૉલેજો કેશમાં આપવાના બદલે ચેક આપે છે તેવી તકલીફ પડે છે.

**કોલેજોની સમસ્યા :**

(૧) તકેદારી કચેરીએથી પરિપત્ર જલ્દી મોકલતા નથી તેથી વિલંબ થાય છે. જો જલ્દી પરિપત્ર આવે તો તેના આધારે અમે લાભાર્થીઓના લીસ્ટ મોકલી દઈએ.

(૨) કૉલેજના કેટલાક કલાર્કોએ જણાવ્યું હતું કે કૉલેજ મારફત અમે જ્યારે શિષ્યવૃત્તિનું તકેદારી અધિકારીની કચેરીએ પૂછીએ ત્યારે અમને કહે કે સાધન સહાયનું લીસ્ટ મોકલવાજો, એટલે એ લોકો મોડી જાણ કરે છે, જલ્દી પરિપત્ર મોકલતા નથી.

(૩) વિદ્યાર્થીઓ ખૂબજ આળસુ હોય છે, તેઓ નોટિસ બોર્ડ પણ જોતા નથી. અમે નોટીસ બોર્ડ પર આ યોજનાની સૂચનાઓ મૂકીએ જ છીએ.

**વિદ્યાર્થીઓના અભિપ્રાયો (પ્રતિભાવો) અને સૂચનો :**

(૧) એડમિશન મળ્યા પછી ૬ કે ૮ માસે ખૂબજ મોડા પૈસા મળે છે.

(૨) પર્સન્ટેજ ફીક્સ હોવાથી SC/ST ફીક્સ આવવાના તેથી અગ્રિમ રકમ મંજૂર કરાવીને મંગાવી લેવી જોઈએ જેથી મોડુ ન થાય.

(૩) આ રકમ સબસીડી જેવી છે, ૨ હજારની તો એક બુક આવે છે.

(૪) મેડીકલમાં હજાર રૂપીયામાં ઈન્સ્ટ્રુમેન્ટ પણ ન આવે હાડકા લેવાના ૧૫૦૦ સેટના લે છે, બોન સેટ, સ્ટેથોસ્કોપ, ડીસેકશન બોક્સ, એપ્રન અને અન્ય નાની મોટી વસ્તુઓની જરૂર પડે છે તે જોતાં રકમ ખૂબજ ઓછી છે.

(૫) એન્જીનીયરીંગના સાધનોમાં કેલક્યુલેટર ડ્રોઈંગના સાધનો, બોર્ડ ટી સ્કવેર, કંપાસ, રેડ ડીઝાઈન ટેસ્ટબુક, વર્કશોપના સાધનો પણ મોંઘાદાટ આવે છે. આખુ સત્ર પૂરું થાય ત્યાં સુધીમાં ૪૦૦૦ થી ૫૦૦૦ ખર્ચ થઈ જાય છે. તેથી હજારથી વધારી તે ૨૫૦૦ રૂા. ઓછામાં ઓછી કરવી જોઈએ.

(૬) હોસ્ટેલમાં રહેવા માટેની આવકમર્યાદા વધારવી જોઈએ. ટેક્ષફ્રી રકમ ૧.૫૦ મર્યાદા રાખવી જોઈએ તો વિદ્યાર્થી અપડાઉનમાં સમય વેડફી દે છે તેના બદલે શાન્તિથી હોસ્ટેલમાં રહીને ભણી શકે.

(૭) યોજનાનો લાભ મેળવવા માટે ખૂબ જ ઓછા આદિવાસી વિદ્યાર્થી હોય છે. વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકે તે માટે આવક મર્યાદા રાખવી જોઈએ નહી.

(૮) ખર્ચને પહોંચી વળવા ભણવાની સાથે સાથે કામ કરવું પડે છે. જો કામ ન કરે તો ખર્ચ વધી જતાં માતા-પિતા તેને ભણતરમાંથી ઉઠાવી લે છે તેથી આ સ્કોલરશીપમાં વધારો કરવો જોઈએ.

(૯) કૉલેજના કલાર્કો બરોબર જવાબ આપતા નથી, યોજનાની જાણકારી આપતા નથી.

(૧૦) કૉલેજો રકમ જમા રાખીને મોડી ચુકવે છે. જેથી તેનું તેઓને વ્યાજ મળે.

(૧૧) સાધનસહાય યોજનાની રકમ બેરર ચેક અથવા કેશમાં આપવી જોઈએ. જેથી ખાતુ ખોલાવવું ન પડે.

(૧૨) યોજનાની દેખરેખ રાખવી જોઈએ. તે રખાતી નથી તેથી મોનીટરીંગના અભાવે આ યોજનાનું શું થાય છે એજ ખબર પડતી નથી !

(૧૩) સાધનોનું બીલ અનિવાર્ય ન હોવું જોઈએ જેથી સીનીયર વિદ્યાર્થી પાસેથી પણ સાધનો વેચાતા લઈ શકાય જેથી નવા કરતા સસ્તુ પડે અને લાભ થાય.

**અભ્યાસ આધારિત વહીવટીય સૂચનો અને ભલામણો :**

(૧) જિલ્લાકક્ષાએ અને ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણ્યું હતું કે ત્રણ તબક્કે ગ્રાન્ટ મળે છે તો એક જ હપ્તે તમામ વિદ્યાર્થીઓની ગ્રાનટ ચુકવાઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ ગ્રાન્ટ ઉઘડતી કૉલેજ વહેલામાં વહેલી તકે ફાળવવી જોઈએ.

(૨) જિલ્લા તકેદારી કચેરીએથી યોજના સંભાળનાર અધિકારીએ દરેક કૉલેજમાં જાતે જઈને વિદ્યાર્થીઓને એડમિશન મળે કે તુરત આ યોજનાના લાભાર્થીઓનું લીસ્ટ લઈ આવવું જોઈએ અને યોજનાની રકમ જલ્દી મળે તેવી ત્વરિત કાર્યવાહી કરવી જોઈએ.

(૩) સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓને દેવુ કરીને આ સાધનો લાવવા ન પડે તે ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા તકેદારી કચેરીએ આ યોજનાના અમલીકરણની કામગીરીને જ પ્રાથમિકતા આપવી જોઈએ.

(૪) મેડિકલના સાધનો પણ ખૂબ જ મોંઘા આવે છે તેથી તેમાં સાધન સહાય પેટે રૂા.૨૫૦૦/- આપવા જોઈએ.

(૫) અત્યારે મળતી એન્જીનીયરીંગમાં સાધન સહાય અપૂરતી છે, કારણકે સાદુ સાયન્ટીફીક કેલક્યુલેટ લે તો પણ ૮૦૦ થી ૧૨૦૦ની રેન્જમાં આવે છે. ડ્રોઈંગના સાધનો-બોર્ડ, ટી સ્કવેર, કંપાસ તેની અંદાજિત રકમ ૪૦૦ હોય છે. ISI ડીઝાઈન હેન્ડબુક જેની અંદાજિત રકમ ૪૮૦૦ થી ૫૦૦૦ સુધીના આવે છે. તેથી સહાય પેટે ઓછામાં ઓછા ૨૫૦૦ રૂપિયા મળવા જોઈએ.

(૬) કૉલેજ શરૂ થાય તે પહેલા દરેક કૉલેજને આ યોજનાના લાભાર્થીઓના નામ મોકલવા પરિપત્ર

પાઠવવા જોઈએ. ઘણી કૉલેજો એ ફરિયાદ કરી હતી કે અમને પરિપત્ર જ મોકલતા નથી અને શિષ્યવૃત્તિના ફોર્મ વખતે જ આ યોજનાનું લીસ્ટ મંગાવાય છે તેથી પહેલો પરિપત્ર મોકલે તો વહેલું લીસ્ટ મોકલી શકાય.

(૭) યોજનાના લક્ષ્યાંક પ્રમાણે જિલ્લા તકેદારી કચેરીને એકજ હપ્તે પૂરેપૂરી ગ્રાન્ટ ચુકવી દેવી જોઈએ. હપ્તાવાર ગ્રાન્ટ ચુકવાતી હોવાથી યોજનાનો લાભ આપવામાં ઘણો વિલંબ થાય છે.

(૮) આ યોજના અન્વયે જેતે વર્ષમાં રકમની ફાળવણી કરવામાં આવે તે પ્રમાણે ખર્ચ થતો નથી એટલે ઓછા લાભાર્થીઓને આવરી લેવાય છે. તેથી ફાળવાયેલ પૂરેપૂરી રકમ જે તે નાણાકીય વર્ષમાં વપરાય તો વધુ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે.

(૯) તકેદારી કચેરીએ દરેક કૉલેજને જાણ કરવી જોઈએ કે તેઓ આ યોજનાનો લાભ મોટાભાગે રોકડામાં આપે અથવા બેરર ચેકથી આપે જેથી વિદ્યાર્થીને તેના નાણાં મેળવવામાં સરળતા રહે.

(૧૦) મેડીકલ અને એન્જીનીયરીંગમાં આદિવાસી વિદ્યાર્થીઓ ઓછી સંખ્યામાં અભ્યાસ કરતા હોય છે તેથી આવક મર્યાદા ન રખાય તે ઉચિત છે. મોટાભાગના ૯૯ ટકા લાભાર્થીઓએ આ બાબત અભ્યાસ દરમ્યાન જણાવી હતી.

(૧૧) રાજ્ય સરકારે જો આવકમર્યાદાનો જ અમલ કરવો હોય તો પછી શિષ્યવૃત્તિની આવક મર્યાદા છે તે ધોરણે ન રાખતા તેની વાર્ષિક આવક મર્યાદા વધારી તે ૧ થી ૧૫૦ લાખ સુધી કરવી જોઈએ, કારણકે આ કક્ષાનું ભણતર ખૂબજ ખર્ચાળ અને મોંઘુ હોય છે. જો આવક મર્યાદા વધારવામાં આવે તો બીજા પણ મધ્યમવર્ગીય ત્રીજા ચોથા વર્ગના કર્મચારીઓના આદિવાસી બાળકો પણ તેનો લાભ લઈ શકે, અને વધુ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે અને આ યોજનાનો ઉદ્દેશ પણ સિદ્ધ થાય.

(૧૨) જેમ જેમ શિક્ષણની કક્ષા વધતી જાય છે તેમ તેમ કન્યાઓની સંખ્યાનું પ્રમાણ ઘણું જાય છે તેથી બહેનો ઉચ્ચ શિક્ષણમાં સંખ્યા વધે અને ડ્રોપ આઉટ અટકે તેવા પ્રોત્સાહક પગલાં રાજ્ય સરકારે લેવા જોઈએ.

# સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમ મૂલ્યાંકન અભ્યાસ

અહેવાલ લેખન : દેવચંદ વહોનિયા

**પ્રસ્તાવના :**

આજની પરિસ્થિતિમાં કોઈ પણ દેશનો આર્થિક વિકાસ એ તેની પ્રાકૃતિક સંપત્તિ પર વિશેષ આધાર રાખે છે માટે જે તે દેશના સમગ્ર વિકાસના માપ દંડ તરીકે પ્રાકૃતિક સંપત્તિ અતિ આવશ્યક બાબત છે. જેમાં જળ, જમીન, જંગલ એ પ્રાકૃતિક સંપદાના મોટા સ્ત્રોતો છે. વિશ્વમાં આધુનિકીકરણના કારણે જયાં જયાં પણ આ સંપદાનો વણઆવડતભર્યો વપરાશ કરવામાં આવ્યો છે ત્યાં માનવ સમક્ષ મોટા પડકારો આવ્યા છે. તેમાં ખુબ જ ઝડપથી નાશ પામતા જંગલો એ આખા વિશ્વ તથા ભારત દેશમાં ધ્યાન ખેંચે તેવી બાબત છે. ભારત દેશની જંગલ સ્થિતિ જોઈએ તો દર વર્ષે ૨૫ લાખ એકર જમીન પરના જંગલો ઓછા થતા જાય છે. તેના પરિણામે દેશના પર્યાવરણની સમતુલા જળવાતી નથી. કોઈપણ રાષ્ટ્ર કે રાજયને તે પર્યાવરણની સમતુલા જાળવવા માટે તેના ભૌગોલિક વિસ્તારના ૩૩ ટકા વિસ્તારમાં જંગલો હોવા આવશ્યક છે. તો જંગલોના ઝડપી નાશ થવાના દરને ઘટાડવા સરકાર તથા N.G.O.એ જંગલ ઉછેરના જૂના અભિગમને બદલી નવા અભિગમ તરફ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમાં વર્ષો પહેલાં જે જંગલો લોકો સાચવતા હતા અને સંપૂર્ણ દેખરેખ રાખી ગામલોકો પોતાની મંડળીઓ બનાવી જે જંગલો ઉછેરતા હતા તે તરફ સરકારના વન વિભાગનું ધ્યાન ગયું તેમાં પશ્ચિમ બંગાળાના આરાબારી વિસ્તારના આદિવાસીઓએ સૌ પ્રથમ ૧૯૭૨થી આવી કામગીરી કરી સારા જંગલો વિકસાવ્યા છે. તેના અભ્યાસોના આધારે ભારત સરકારે ૧૯૮૮માં નવી રાષ્ટ્રીય વનનીતિ ઘડી તેમાં પશ્ચિમ બંગાળના સ્થાનિક આદિવાસીઓના જંગલ ઉછેરના અભિગમને જોડીને વનઉછેર માટે સ્થાનિક લોકભાગીદારી અતિ આવશ્યક છે તે બાબતને મૂર્તિમંત બનાવવાના પ્રયાસના ભાગરૂપે ભારત સરકારે ૧૯૯૧માં વનોના ઉછેર માટે સ્થાનિક લોકભાગીદારીને અમલી બનાવવા માટે દરેક રાજ્ય સરકારને એક પરિપત્ર પાઠવી વનોના ઉછેર માટે લોકોની ભાગીદારી મેળવવા જણાવ્યું હતું.

ગુજરાત સરકારે ભારત સરકારના પરિપત્રને આધિન વર્ષ ૧૯૯૧માં વનોના રક્ષણ, વિકાસ અને પુનઃ નિર્માણ હેતુ લોકસહકાર મેળવવા તથા લોકોને ભાગીદાર બનાવવા માટે ક્રમાંક એફ.સી.એ.-૧૦૯૦/૧૨૫/વી(૩)નો નવો ઠરાવ કર્યો અને વનોના ઈતિહાસમાં એક નવું સોપાન “વનોના વિકાસમાં સ્થાનિક લોકભાગીદારી મેળવવી” તે ઉમેર્યું અને સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમની શરૂઆત ગુજરાત રાજયમાં થઈ.

ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૧ના અંત સુધીમાં જુદા જુદા વનવિભાગો (વનડિવિઝનો)માં મળી કુલ ૧,૪૧૭ સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમો (જે.એફ.એમ.સી.) ચાલે છે, જયારે રાજયના આદિવાસી વિસ્તારોમાં કુલ ૧૦૬૫ સહભાગી વનવ્યવસ્થા સમિતિઓ કાર્યરત છે.

**અભ્યાસ ક્ષેત્ર :**

ગુજરાત રાજયના આદિવાસી વિસ્તારોમાં ચાલતી કુલ ૧,૦૬૫ સહભાગી વનવ્યવસ્થા સમિતિઓમાંથી દાહોદ, પંચમહાલ, વડોદરા અને નર્મદા જિલ્લાની કુલ ૧૬ જે.એફ.એમ.સી. પસંદ કરવામાં આવી છે તથા ૧૬ સમિતિઓના કુલ ૧૬૦ ઉત્તરદાતાઓને આ અભ્યાસમાં સાંકળવામાં આવ્યા છે તથા વનવિભાગના બારીયા, વડોદરા, રાજપીપળા, વ્યારા એમ ચાર ડિવિઝનોનો આ અભ્યાસમાં સમાવેશ કરેલ છે.

**અભ્યાસની આવશ્યકતા :**

ગુજરાત રાજયના આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા સુચવેલ આ અભ્યાસ "સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમ. એક નવીન અભિગમ સાથે વિશાળક્ષેત્રમાં અમલીકરણ થઈ રહ્યો હોવાથી આ કાર્યક્રમના મૂળ હેતુઓ પ્રમાણે અમલીકરણ થાય છે કે કેમ ? તથા આ કાર્યક્રમમાં સ્થાનિક આદિવાસી લોકો, વનવિભાગ અને N.G.O. ની સહભાગીદારી શું છે? તથા આખો કાર્યક્રમ આદિવાસી લોકોને કેટલો ઉપયોગી બની રહ્યો છે ? અને ખરેખર આદિવાસીઓને લાભ થયો હોય તો આ કાર્યક્રમના વિસ્તરણ માટે શું કરવું જોઈએ. જો કાર્યક્રમ અમલીકરણમાં કંઈ ખામી હોય તો શું છે ? તેને નિવારવા અને આખા કાર્યક્રમને આદિવાસભિમૂખ બનાવવા શું કરવું જોઈએ તે માટે આ અભ્યાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠને આપવામાં આવ્યો છે.

**માહિતી એકત્રિકરણ :**

સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમનો અભ્યાસ કરવા માટે આ કાર્યક્રમ સંબંધિત માહિતી ગુજરાત રાજયના વનવિભાગ ગાંધીનગર રાજયના જુદા જુદા ડિવિઝનો અને કેટલીક આ કાર્યક્રમનું અમલીકરણ કરતી જુદી જુદી N.G.O.નો સંપર્ક કરી માહિતીનું એકત્રિકરણ કરેલ છે તે સાથે જંગલ વિકાસ આધારિત થયેલા અભ્યાસો અને વિષય સંબંધિત સંદર્ભ મેળવવા માટે જુદા જુદા ગ્રંથાલયોનો પણ ઉપયોગ કર્યો છે. તે સાથે રાજયના વનવિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે વખતો વખત કાર્યક્રમ આધાતિ ચર્ચાઓ અને કાર્યશાળાઓમાં જઈ અભ્યાસને ઊંડાણથી સમજવા પ્રયાસ કર્યો છે. સાથે સાથેજુદા જુદા સામયિકોના સંદર્ભોને અભ્યાસમાં ઉપયોગી બનાવવામાં આવ્યા છે.

**સંશોધન પ્રવિધિઓ :**

સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમના અભ્યાસ માટે પસંદ કરેલ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય કરી કાર્યક્રમના અમલીકરણ સાથે સંકળાયેલ ઉપરથી નીચે સુધીના કર્મચારી સહકર્મચારીઓ સાથે મુલાકાત, ચર્ચા અને પસંદ કરેલ ઉત્તરદાતા (લાભાર્થી)ઓ પાસેથી અનુસૂચિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે, ત્યારબાદ સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમ અંતર્ગત ઉભા થયેલા જંગલોનું નિરીક્ષણ, તેના વિશે

નાણાંકીય સંચાલનનું નિરીક્ષણ ક્ષેત્ર પર કામ કરવાની રીતનું નિરીક્ષણ વગેરે બાબતો આ અભ્યાસમાં નિરીક્ષણ પદ્ધતિ દ્વારા મેળવેલ છે.

**ઉત્તરદાતાનો યથાસ્થિતિ અહેવાલ :**

સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમ અભ્યાસમાં આદિવાસી વિસ્તારોના જુદા જુદા પાંચ જિલ્લાઓમાંથી ૧૬૦ લાભાર્થી કુટુંબોને પસંદ કરવામાં આવ્યો છે. આ લાભાર્થીઓમાં વસાવા, રાઠવા, ભીલ, ગામીત, નાયકા, ચોધરી, કોટવાળીયા અને કાથોડી જાતિનો સમાવેશ થાય છે. તેમાં ૧૩૪ લાભાર્થીઓ જમીન ધરાવે છે, જ્યારે ૨૬ લાભાર્થીઓ જમીન વિહોણા છે. આ અભ્યાસ દ્વારા જણાય છે કે ૧૩૪ જમીન ધરાવતા કુટુંબોની આર્થિક પરિસ્થિતિનો આધાર ખેતી સિવાયના અન્ય ધંધા પર પણ એટલો જ આધાર રાખે છે, જ્યારે જમીન વિહોણા લાભાર્થીઓ વાંસકામ સ્થળાંતર તથા છુટકમજૂરી, ખેતમજૂરી પર જીવણધોરણ ગુજારે છે. જમીન વિહોણાં લોકોમાં કોટવાળીયા અને કાથોડી જાતિના લોકોનો સમાવેશ થાય છે. લાભાર્થીઓનાં શિક્ષણમાં ૩૫.૪૦ ટકા અભણ તથા ૩૩.૨૭ ટકા અધવચ્ચેથી શિક્ષણ છોડી દેનાર અને ૩૧.૩૩ ટકા હાલમાં શિક્ષણ ચાલુ હોય તેવા કુટુંબના સભ્યો છે.

આ અભ્યાસમાં "કાર્યક્રમ સંચાલન સાથે વનવિભાગ તથા ત્રણ N.G.O.ઓ જોડાયેલી છે. લાભાર્થીઓના કાર્યક્રમ અંગેના અભિપ્રાયો દ્વારા જાણવા મળે છે કે વડોદરાના છોટાઉદેપુર તથા સુરત, વ્યારા તાલુકામાં વનવિભાગ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા સારા પ્રયત્નો થયા છે, જ્યારે N.G.O.માં દાહોદ અને રાજપીપળા (નર્મદા) જિલ્લામાં આ કાર્યક્રમને સફળ બનાવવા બે N.G.O.એ ખુબ સારો પ્રયાસ કર્યો છે, જ્યારે વડોદરામાં N.G.O.ની કામગીરીથી લાભાર્થીઓને અસંતોષ છે. વનવિભાગ દ્વારા આ કાર્યક્રમ માત્ર સુરતના વ્યારા તાલુકામાં અને વડોદરાના છોટાઉદેપુર તાલુકામાં વનવિભાગની આ કાર્યક્રમ સંચાલનની કામગીરી લાભાર્થીઓને ખુબ જ સંતોષકારક છે અને હાલમાં ચાલુ છે. આ કાર્યક્રમ અંતર્ગત વનવિકાસકાર્યની સાથે સાથે ગ્રામ લોકોનું સંગઠન જોવા મળે છે. લોકોમાં સામાન્ય જાગૃતિથી લઈને વનઉછેરની ભાવના કેળવાઈ છે તથા યુવાનો અને મહિલાઓ સહિત સ્થાનિક લોકોની લોકભાગીદારી ધીરે ધીરે વધી રહી છે, જ્યારે કાર્યક્રમ દ્વારા નવી પેઢીને જંગલઉછેરની ભાવના કેળવવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં લાભોની વિગત જોતાં માલુમ પડે છે કે ટુંકાગાળાના લાભો જેવા કે ઘાસ, ટીમરું પત્તા કે ખાખરાના પાન, બળતણ માટે લાકડું વગેરે હાલમાં મળે છે પણ લાંબાગાળાના લાભો (ઈમારતી લાકડું) અન્ય મોટા જથ્થામાં લાકડા હજી સુધી મળ્યા નથી. કાર્યક્રમ શરૂ થયાને દશ વર્ષ પછી પણ આ કાર્યક્રમ અંતર્ગત મોટાભાગના ગામોમાં સારું જંગલ ઉછેરી શક્યા નથી.

સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમ અંતર્ગત વનસંરક્ષણ અને વનવિકાસ કાર્યો દ્વારા સ્થાનિક લોકોને થોડા ઘણા અંશે રોજગારી પણ ઉપલબ્ધ થઈ છે પણ તે ખુબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. આ કાર્યક્રમને લઈને ગ્રામવિકાસની અન્ય પ્રવૃત્તિઓ આ કાર્યક્રમવાળા ગામોમાં શરૂ થઈ છે. જેમાં ખેતીવિષયક લાભો, બીજ, સુ.ઓજાર ખાતર વગેરે તથા આવા ગામોમાં પીવાના પાણીની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. તેજ પ્રમાણે લોકકલ્યાણના કાર્યો જેવા કે બાળકો માટે સ્વાસ્થ્ય શિબિર, માણસો અને પશુઓ માટે પણ સ્વાસ્થ્ય શિબિરો યોજવામાં આવી છે. આ કાર્યક્રમના હેતુઓના અનુસંધાને જોતા આદિવાસીઓની વન આધારિત પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તી કરવામાં આ કાર્યક્રમ ૫૦ ટકા ઉપયોગી નિવડ્યો છે. મતલબ ઘાસ, બળતણ જેવી જરૂરિયાતો હજી પૂરતા પ્રમાણમાં મળેલ નથી. તેજ પ્રમાણે જંગલ આધારિત નાના નાના ગૃહઉદ્યોગો બાબતે પણ માત્ર બે સ્થળે પડિયા-પતરાળા બનાવવાનો ઉદ્યોગ સ્થાપેલ છે. અન્ય વન પેદાશો જંગલમાં ઉપલબ્ધ નથી. કાંતો ટીમરું પત્તા જેવી ગૌણ વનપેદાશો એકત્રિત કરાતી નથી અને એકત્રિત થાય છે ત્યાં તેના યોગ્ય ભાવ મળતા નથી અથવા તો આ કાર્યક્રમને ધ્યાનમાં લઈ યોગ્ય આયોજન કરેલ નથી તેના કારણે જંગલ આધારિત ગૃહઉદ્યોગો ચલાવાયા નથી.

"સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમ" એ મુખ્યત્વે સહભાગીદારી અભિગમ પર વધારે ભાર મૂકે છે, જયારે આ અભ્યાસ પરથી એવું સ્પષ્ટ થાય છે કે આ કાર્યક્રમના મુખ્ય અભિગમનો વનવિભાગ અને N.G.O. હજી જોઈએ તેટલા પ્રમાણમાં અમલીકરણ કરી શક્યા નથી. N.G.O. અને વનવિભાગનું યોગ્ય સંકલન થવું જોઈએ તે ખુબજ ઓછું જોવા મળે છે. જેના પરિણામે કાર્યક્રમ દ્વારા લોકોને જે લાભો મળવા જોઈએ તે મળી શક્યા નથી. ક્યાંક N.G.O.એ સારી કામગીરી કરી છે. તો ક્યાંક વનવિભાગે કાર્યક્રમને સારો બનાવવા પ્રયાસ કર્યો છે પણ વનવિભાગ, N.G.O. અને લોકો (લાભાર્થીઓ) વચ્ચે જે સહભાગીદારી ઉભી થવી જોઈએ તે ખુબજ ઓછી જોવા મળે છે.

**કાર્યક્રમની મુખ્ય સમસ્યાઓ :**

(૧) કાર્યક્રમના અમલીકરણ કરવા માટે જોઈતા પ્રમાણમાં અને નિયમિત નાણાંકીય જોગવાઈ નથી. (નાણાં છુટા થતા નથી)

(૨) ત્રણ-ત્રણ વર્ષ સુધી ગામમાં કાર્યક્રમ ચાલતો હોવા છતાં લાભાર્થીઓને તેની સંપૂર્ણ માહિતી નથી એટલે કે કાર્યક્રમ અંગેની જાગૃતિનો અભાવ હોવાથી લાભાર્થીઓની સહભાગીદારી અસરકારક નથી.

(૩) કાર્યક્રમ અમલીકરણ કરતી એજન્સી (વનવિભાગ, N.G.O.) બન્ને વચ્ચે સંકલનના અભાવે લાભાર્થીને નુકશાન થાય છે તથા અમલીકરણ એજન્સીએ કાર્યક્રમોની સંખ્યા વધારી છે પણ તેને સક્ષમ બનાવ્યા નથી. તેથી ઘણા બધા કાર્યક્રમો માત્ર નામના જ છે. આમ થવાથી આદિવાસીઓનો આ કાર્યક્રમ અંગેનો વિશ્વાસ ધીરે ધીરે ઓછો થતો જાય છે.

(૪) આ કાર્યક્રમમાં લાભાર્થીઓની કોઠાસુઝના આધારે જુદી જુદી પ્રવૃત્તિઓનું અમલીકરણ ખુબજ ઓછું જોવા મળે છે જે ભવિષ્યમાં આ કાર્યક્રમને ટકાઉ બનાવવામાં મોટી મુશ્કેલી ઉભી કરશે.

(૫) કાર્યક્રમમાં વપરાયેલ નાણાં અને ભવિષ્યમાં થવાના ખર્ચ વિશે લાભાર્થીઓને જાણકારી નથી તેના પરથી જણાય છે કે લાભાર્થીઓની આ કાર્યક્રમમાં સહભાગીદારી ખુબજ ઓછી છે.

(૬) તૈયાર થયેલા જંગલમાંથી નિયમ મુજબ વૃક્ષો કાપવાની પરવાનગીમાં વન વિભાગ દ્વારા વિલંબ થાય છે. જો સમયસર આવી પરવાનગી ન મળે તો જંગલના કિંમતી વૃક્ષોની ચોરી થવાની પૂરી સંભાવના છે.

**નિષ્કર્ષ :**

(૧) સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમનો માઈક્રોપ્લાન (સુક્ષ્મ આયોજન) લાભાર્થીઓને સાથે રાખીને બનાવેલ નથી.

(૨) વનવિભાગ અને N.G.O.ની સહભાગીદારી બરાબર નથી કે સંકલનનો અભાવ જોવા મળે છે.

(૩) અમલીકરણ એજન્સીએ (વનવિભાગ N.G.O.) એ આ કાર્યક્રમના હેતુઓની પરિપૂર્તી થાય તેવા પ્રયત્નો ખુબ જ ઓછા કર્યા છે.

(૪) "સક્ષમ" સાથે જોડાયેલ વન સમિતિઓમાં પણ કાર્યક્રમ અંગેની જાગૃતિ, સાન, આવડતનું વિસ્તરણ ઓછું જોવા મળેલ છે.

(૫) કાર્યક્રમ સાથે જોડાયેલ ગામોના જમીન વિહોણા તથા મહિલાઓ સહિત તમામને કાર્યક્રમનો લાભ ખુબજ ઓછો મળે છે.

(૬) કાર્યક્રમવાળા ગામોમાં આંતરિક જૂથોની અસરો કાર્યક્રમમાં જોવા મળે છે. જે કાર્યક્રમને સફળ બનાવવામાં વિઘ્નરૂપ બની રહી છે.

(૭) વન વિભાગ દ્વારા કાર્યક્રમની નીતિ અંગેની બાબતોમાં નિર્ણયની પ્રક્રિયા ધીમી જોવા મળે છે.

(૮) આ કાર્યક્રમ દ્વારા સ્થાનિક સમુદાયની જંગલ આધારિત જરૂરિયાતો પૂર્ણ કરી શકાઈ નથી તથા વનપેદાશને લઈને ગૃહ ઉદ્યોગો સ્થાપી શકાયા નથી.

(૯) આ કાર્યક્રમની સફળતા માટે નાણાંકીય જોગવાઈ અનિયમિત છે. ચોક્કસ સમય અને જરૂરિયાત મુજબ બજેટ છુટું પડતું નથી. જ્યારે દરેક કાર્યક્રમવાર તેનો માઈક્રો-પ્લાન પહેલેથી વનવિભાગમાં જમા કરવામાં આવે જ છે તે પ્લાન મુજબ ક્યા વર્ષે કેટલા નાણાંની જોગવાઈ કરવી પડશે તે નક્કી જ હોય છે.

સૂચનો :

(૧) સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમની જરૂરિયાત લાભાર્થીઓ દ્વારા માંગણી સ્વરૂપે જે તે વન ડિવિઝનમાં થાય પછી જ કાર્યક્રમ અંતર્ગત જંગલ વિસ્તાર ફાળવવો જોઈએ તથા લાભાર્થીઓની જરૂરિયાત મુજબ માઈક્રો-પ્લાન બનાવવો.

(૨) કાર્યક્રમ અમલીકરણ અને જોડાયેલ વનવિભાગ કે N.G.O.પોતાની ભૂમિકામાં સ્પષ્ટ થવા જોઈએ જેથી લાભાર્થી અને અમલીકરણ એજન્સીની જવાબદારી અંગેની સ્પષ્ટતા લાભાર્થીઓને થાય.

(૩) આ કાર્યક્રમ લાભાર્થીઓ, વનવિભાગ, N.G.O.ની સહભાગીદારીથી જ થવો જોઈએ. વનવિભાગ કે N.G.O. એ લાભાર્થીઓની ઈચ્છા અને જરૂરિયાતને ધ્યાનમાં લીધા વિના આ કાર્યક્રમની કોઈપણ પ્રવૃત્તિ ન કરવી.

(૪) જે.એફ.એમ. સમિતિની રજીસ્ટ્રેશન પ્રક્રિયાને હજી વધારે સરળ બનાવવી જેથી તે કામ ઝડપી બને અને લાભાર્થીઓનો રસ અને જુસ્સો ટકી રહે જેથી કાર્યક્રમ સફળ થાય.

(૫) આ કાર્યક્રમ માટે નાણાંકીય જોગવાઈને નક્કર બનાવવી અને તેના માઈક્રો-પ્લાન પ્રમાણે નાણાં સમયમર્યાદામાં છુટા કરવા જોઈએ.

(૬) કાર્યક્રમ અંતર્ગત ઉપલબ્ધ વનપેદાશોનાં એકત્રિકરણ અને યોગ્ય બજાર કે ગૃહઉદ્યોગનું આયોજન કરવામાં કાર્યક્રમનું અમલીકરણ કરતી એજન્સી ( N.G.O. કે વનવિભાગ) દ્વારા થવું જઈએ.

(૭) કાર્યક્રમને ટકાઉ બનાવવામાં ખુબજ મહત્વની ભૂમિકા ભજવનાર "સક્ષમ" સાથે જૂની વન સમિતિઓને ફરજીયાત જોડવી તથા "સક્ષમ"ની મદદનું અમલીકરણ કાર્યક્રમમાં કરે તેમ દરેક સભ્ય સમિતિને અમલીકરણ એજન્સીએ સૂચના આપવી જોઈએ અથવા તો જિલ્લા કક્ષાના સંઘ દ્વારા તે ફરજીયાત કરવું જોઈએ.

# પુનઃસ્થાપિત ગામોનો અભ્યાસ

## (ગોધરા અને શહેરા તાલુકાના હારેડા, વાલૈયા, ઘુસર, કાલીયાવાવ, બામરોલી તથા સાગરડાને ધ્યાનમાં રાખીને)

શ્રી જસવંતસિંહ રાઠોડ
શ્રી દેવચંદભાઈ વહોનિયા

**અભ્યાસની આવસ્યાકતા :**

પંચમહાલ જિલ્લામાં વર્ષ ૧૯૭૨ થી ૧૯૮૨ સુધીના સમયગાળામાં વિવિધ સિંચાઈ યોજનાઓ બની. આ યોજનાઓમાં ડુંબાણમાં ગયેલા આદિવાસી કુટુંબોનું પુનઃસ્થાપન હાલના પંચમહાલ જિલ્લાના ગોધરા અને શહેરા તાલુકાઓમાં કરવામાં આવ્યું છે. જે વિસ્તાર આદિજાતિ વિસ્તાર નહી પણ છુટાછવાયા આદિવાસી વિસ્તાર તરીકે જાહેર થયેલ છે અને સરકારશ્રીના નિયમોનુંસાર છુટાછવાયા આદિવાસી ક્ષેત્રને ધ્યાનમાં લઈને વિકાસકાર્યો કરવામા આવે છે. તપાસ હેઠળ આવરેલ ગામો હારેડા, વાલૈયા, ઘુસર, કાલીયાવાવ જે મૂળે (પુનઃસ્થાપન પૂર્વે) દાહોદ પ્રાયોજના વિસ્તારના ગામો હોઈ પુનઃસ્થાપન કર્યાબાદ છુટાછવાયા વિસ્તારમાં આવરવામાં આવ્યા હતા તથા તે ગામો ફક્ત આદિવાસીગામો હોવાના કારણે વારંવાર આ અંગે સરકારમાં રજૂઆત કરતાં પંચમહાલ જિલ્લા આદિજાતિ વિકાસમંડળની તા.૭-૨-૨૦૦૨ના રોજ કલેકટર કચેરી, ગોધરાની બેઠકમાં ઠરાવ નં.૧થી પુનઃવસવાટવાળા ગામોને ટ્રાયબલ પોકેટસમાં જાહેર કરવા માટે સરકારશ્રીમાં લખાણ કરવા નક્કી કરેલ તથા પ્રવર્તમાન ધારા સભ્યશ્રી હરેશભાઈ ભટ્ટના આદિજાતિ વિકાસ વિભાગના પત્ર દ્વારા આદિજાતિ વિકાસ વિભાગને આ વસાહતોને આદિજાતિ વિસ્તાર કે પોકેટમાં ગણવાની માંગણીના આધારે આદિજાતિ કમિશનરશ્રીના પત્ર ક્રમાંક નં.ટીડીમકમ/૫/૨૦૦૩/૧૦૨૨૫ થી ૨૬ તા.૦૮-૧૦-૨૦૦૩ દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદને તકેદારી અધિકારીશ્રી ગોધરાને સાથે રાખી સંયુક્ત અહેવાલ કરવાની સૂચનાના આધારે આ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

આદિવાસી વિસ્તારમાં આવવાની માંગણી કરતાં હારેડા, વાલૈયા, ઘુસર અને કાલીયાવાવ તથા અભ્યાસમાં આવરેલ અન્ય ગામો મૂળ દાહોદ પ્રાયોજના વિસ્તારના તથા મોરા પોકેટના જ ગામો હતા, પણ પાનમ, કડાણા, કબુતરી, અદલવાડા પરિયોજનામાં અસરગ્રસ્ત બન્યા હોઈ આ તમામ ગામોના અસરગ્રસ્તો બિન-આદિવાસી (છુટાછવાયા) વિસ્તારમાં પુનઃસ્થાપિત થયા હોવાથી તથા તેઓને જંગલ જમીનમાં વસવાટ આપ્યા હોવાથી આ વિસ્તારની તપાસ અનિવાર્ય થઈ હતી. વર્ષોથી આ આદિવાસી પરિવારો છુટા-છવાયા વિસ્તારોમાં વસવાટ કરતા આવ્યા હોવાથી તેઓના વિકાસ કાર્યોમાં રૂકાવટ આવતાં જેમ જેમ લોકોની જાગૃતિ વધતી ગઈ તેમ તેમ તેમના હક્કોની માંગણી વધતાં આ અનુસંધાને પણ સંપૂર્ણ વિસ્તારનો અભ્યાસ થવો જરૂરી લાગતાં આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

**અભ્યાસમાં આવરેલ ગામોની સ્થિતિ :**

અભ્યાસમાં આવરેલ ગામો હારેડા, વાલૈયા, ઘુસર અને કાલીયાવાવ વસાહતને તપાસ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. પતંગડી, કબુતરી, અદલવાડા, પાનમ, કડાણા સિંચાઈ પરિયોજનાઓના અસરગ્રસ્તોવાળા

આ ગામોને તેમના મૂળ ગામના નામ રાખી નવી વસાહત તરીકે વસાવવામાં આવ્યા છે. મૂળ ગામો હારેડા અને વાલૈયા મોરાપોકેટ તથા ઘુસર મોરવા તાલુકા અને કાળીયાવાવ એ પતંગડી, કબુતરી પરિયોજનાના અસરગ્રસ્તો મૂળ લીમખેડા, રંધીકપુર વિસ્તારના ગામો કે આ તામામ વસાહતોને ૧૯૭૨-૧૯૭૫થી ૧૯૮૧ સુધીમાં ગોધરા અને શહેરા તાલુકામાં પુનઃસ્થાપન કરવામાં આવ્યા છે. આ ચારેય વસાહતોમાં અંદાજે ૧૮૦૦ આદિવાસી કુટુંબો વસે છે. આ કુટુંબોનો અભ્યાસ કરતાં તેઓ સ્થળાંતરપૂર્વે દાહોદ પ્રાયોજના વિસ્તારમાં તથા દાહોદ પ્રાયોજનાના મોરા પોકેટના મૂળ ગામોના રહીશો હોવાનું માલુમ પડે છે. ત્યારબાદ તેઓના સામાજીક સંબંધો તપાસતાં તેઓ આદિવાસી જાતિના છે જયારે અન્ય જાતિ બારીયા, ખાંટ, પગી વગેરે પણ ઓછાવત્તા પ્રમાણમાં તેઓની સાથે સ્થળાંતરિત થઈને અહિં વસાહતોમાં આવ્યા છે. જેઓ હકીકતમાં બક્ષીપંચ લખાવે છે. આમ આ વસાહતોમાં રહેતા અન્ય લોકો આદિવાસી હોવાના દાવા કરતા નથી. સ્પષ્ટ તેઓ બક્ષીપંચના કોળી બારીયા, ખાંટ, પગી કુટુંબો અલગ કળિયાના નામથી આ વસાહતોમાં વસવાટ કરે છે.

**સમસ્યા :**

અભ્યાસમાં આવરેલ ગામો હારેડા, વાલૈયા, ઘુસર, કાલીયાવાવ અને બામરોલી અને પુનઃસ્થાપન વસાહતો ગોધરા અને શહેરા તાલુકામાં આવેલી છે અને આ તાલુકાઓમાં વસતા આદિવાસીઓને સરકારશ્રી દ્વારા છુટા-છવાયા આદિવાસીઓના વિસ્તાર તરીકે ગણવામાં આવેલા છે. જેથી અહિ વસતા ઉપરોક્ત ગામોની સમસ્યાઓ ઉત્તરોત્તર વધતી રહી છે.

(૧) આ તમામ ગામોને સરકારે જંગલની જમીન ફાળવી પુનઃસ્થાપિત કર્યા હોવાથી તેમની જમીનો ઉભડ-ખાબડ તથા બિનખેતીલાયક હતી. વર્ષો પછી આ આદિવાસીઓએ ખેતીલાયક જમીન બનાવી હાલમાં પણ આ જમીનોમાં પાક ઉત્પાદન સંતોષકારક નથી.

(૨) જંગલની જમીન આ આદિવાસીઓને માત્ર એક પ્લોટના રૂપમાં ફાળવી હોવાથી તેઓને જમીન માલિકી હક્કો હાલમાં પણ મળ્યા નથી. માત્ર પ્લોટ નંબરના આધારે જમીન માલિકી ધરાવે છે જેથી જમીનમાલિકી ન હોવાથી જમીન માલિકી અંગેના પુરાવા તેઓ પાસે નથી તેના કારણે આદિવાસી હોવા છતાં આદિવાસી હોવાના જાતિ પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી પડે છે.

(૩) આ ગામોના મૂળ રહેવાસીઓ દ્વારા અનેક પ્રકારના ત્રાસ જુલમોનો તેઓ સામનો કરતા આવ્યા છે.

(૪) બિન-આદિવાસી વિસ્તારમાં છુટાછવાયા તરીકે ગણવામાં આવ્યા હોઈ સરકારશ્રીની આદિજાતિ વિભાગની કે અન્ય વિકાસ યોજનાઓનો લાભ મળતો નથી.

(૫) પ્રાથમિક સુવિધા જેવી કે પીવાના પાણીની, આરોગ્ય, પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ, રસ્તા, વાહનવ્યવહારની સગવડ ખુબ જ જૂજ છે તેને લઈને આ ગામોનો વિકાસ ઘણા વર્ષો પછી પણ થયો નથી.

(૬) પુનઃવસવાટના આ ગામો પૈકી કેટલાક ગામોમાં નર્મદા કેનાલ પસાર થઈ હોવાથી આ આદિવાસીઓનું ફરીથી પણ પુનઃસ્થાપન કરવામાં આવ્યું તથા કેટલાક ગામોમાં પથ્થરોની ક્વૉરીઓ આવેલી હોવાથી જાનમાલને નુકશાન થાય છે તથા નર્મદા કેનાલમાં વધુ પાણી ભરાવાથી ક્યારેક તુટવાનો પણ સંભવ રહે છે. આમ આ આદિવાસી ગામોના રહીશો સતત ભયવાળા વિસ્તારમાં વસવાટ કરે છે.

**અભ્યાસ આધારે ભલામણ કરવામાં આવેલ વિસ્તારો :**

સરકારશ્રીના પત્ર પ્રમાણે અને સ્થાનિક રજૂઆતોમાં દર્શાવેલ હારેડા, વાલૈયા, ઘુસર અને કાણીયાવાવ ગામોના ક્ષેત્રકાર્ય કરતાં માલુમ પડ્યું કે આ ચાર ગામો સિવાયના કેટલાક બીજા ગામો પણ આ ચાર ગામો જેવીજ પરિસ્થિતિવાળા હોવાથી તે તમામ વિસ્તારનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે તથા અભ્યાસ આધારે આખા વિસ્તારને ત્રણ પોકેટ કે કલ્સ્ટરમાં સમાવવા ભલામણ કરી છે.

**(૧) હારેડા વાલૈયા વિસ્તાર (તા.ગોધરા) :**

આ વિસ્તારમાં કુલ ૧૮ ગામોનો સમાવેશ થાય છે તેમાં વિસ્થાપિત આદિવાસી વસ્તી વર્ષ ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે વિસ્તારની કુલ વસ્તી ૪૧,૫૭૮ની છે તેમાં આદિવાસી વસતિ ૧૧,૯૮૯ છે જે કુલ વસ્તીમાં ૨૮.૮૩% ની આદિવાસી વસતિ છે.

**(૨) બામરોલી વરિયાલ વિસ્તાર (તા.શહેરા) :**

આ વિસ્તારમાં કુલ ૮ ગામોનો સમાવેશ થાય છે. તેઓ પૈકી ૭ સાત ગામો વિસ્થાપિત છે, જ્યારે એક ગામ મૂળ છે. આ ગામોની વસ્તી પણ (૧૯૯૧ પ્રમાણે) કુલ વસ્તી ૨૦,૬૦૧ છે જેમાં આદિવાસી વસતિ ૫,૪૨૦ થાય છે તે કુલ વસ્તીના ૨૬.૩૦% આદિવાસી વસતિ ધરાવે છે.

**(૩) સાગરડા અટકપુર વિસ્તાર (તા.શહેરા) :**

આ વિસ્તારમાં કુલ ૧૨ ગામોનો સમાવેશ થાય છે. તેમાંથી ૧૦ ગામો વિસ્થાપિત છે, જ્યારે બે ગામો મૂળ છે. આ વિસ્તારની કુલ વસ્તી ૨૮,૨૧૭ની છે તેમાં આદિવાસી વસતિ ૭,૨૦૦ની છે જે કુલ વસતિના ૨૫.૭૫% છે.

ઉપરોક્ત ત્રણેય વસ્તારો ગોધરા કે શહેરા તાલુકાનો કોઈ એક સળંગ ભાગ છે જેથી અભ્યાસના આધારે તની વસ્તી આધારે પોકેટ, કલસ્ટર માટે સદર અહેવાલ દ્વારા ભલામણ કરેલ છે.

**તારણો :**

તા.૮-૧૦-૦૩ના આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક નં.ટીડી/મકમ/,/૨૦૦૩ ૧૦૨૨૫ થી ૨૬ દ્વારા ગોધરા અને શહેરા તાલુકામાં આવેલા અને અભ્યાસમાં સાંકળેલા ગામોના આદિવાસીઓની આદિજાતિ વિસ્તારમાં સમાવવાની માંગણીના અનુસંધાને આ અભ્યાસ ધરીનીચે મુજબના અભ્યાસના તારણો આપ્યા છે.

(૧) અભ્યાસમાં આવરેલ તમામ ગામોએ જુદી જુદી પરિયોજના વિસ્થાપિતોની પુનઃસ્થાપિત કરેલા આદિવાસી વસ્તીવાળા ગામો છે તથા તેઓ સ્થળાંતર પૂર્વે દાહોદ પ્રાયોજના વિસ્તાર કે મોરા પોકેટમાં હતા.

(૨) મૂળ ગામોમાં જે રીતે વસવાટ કરતા હતા તેજ પ્રમાણે જૂથમાં પુનઃસ્થાપિત કર્યા હોવાથી આવા કુટુંબો જૂથમાં અને એક જ ગામમાં વસે છે. મૂળ ગામોના નામ રાખીને નવી વસાહત એમ ઓળખાવી વસાહતોના નામ આપવામાં આવ્યા છે.

(૩) દરેક વસાહતનું સ્થળાંતર ૧૯૭૨ થી ૧૯૮૨ સુધીના દશ વર્ષના ગાળામાં થયું છે.

(૪) પુનઃસ્થાપન વખતે નિયમાનુસાર ઘરથાળના પ્લોટ અને ખેતીની જમીન તથા પીવાના પાણીની તથા રસ્તાની સુવિધા આપવાનો પ્રયત્ન કરેલ છે પણ હાલમાં આ કુટુંબો પોતપોતાની જમીનમાં ઘરો બનાવી રહેતા હોવાથી તે સુવિધા હાલમાં ઉપલબ્ધ નથી.

(૫) મોટાભાગના આદિવાસી ખેડૂતોએ પોતાને મળેલ જમીનો જાતે જ નવસાધ્ય કરી ખેતીલાયક બનાવી છે.

(૬) મૂળ વસવાટની સ્થિતિ પ્રમાણે વસાહતોમાં પણ પોતાની પરંપરાગત પદ્ધતિ પ્રમાણે જીવનધોરણ વિતાવે છે.

**સુઝાવો :**

(૧) અભ્યાસમાં આવરેલ વિસ્તારો કડાણા, પાનમ, હડક, કબુતરી અને અદલવાડા સિંચાઈ પરિયોજનામાં કુલ ૮૬ ગામોના કુટુંબો વત્તાઓછા પ્રમાણમાં અસરગ્રસ્ત થયા છે. જેમાંના ૨૪ ગામો ટ્રાયબલ વિસ્તારના અસરગ્રસ્તો અને મોટાભાગે તેઆદિવાસી કુટુંબો હોવાથી તેઓના મૂળ નિવાસને ધ્યાનમાં રાખીને આદિજાતિ વિસ્તાર હેઠળ લાવી વિકાસ કાર્યો કરવા જોઈએ.

(૨) પુનઃસ્થાપનના નિયમોનુસાર મુળ જમીન માલિકી વડીલ પાસે હોય, પણ તેના સહભાગીદારો પણ તેમાં ખેતી કરતા હતા. પુનઃસ્થાપન વખતે મૂળ જમીનમાલિકને જ જમીન ફાળવી છે. તેના સહભાગીદારોને જમીન ફાળવી ન હોવાથી રોજગારીનો મોટો પ્રશ્ન ઉભો થયો છે. માટે રોજગારલક્ષી પ્રવૃત્તિઓ આ વિસ્તારમાં વધારી બેરોજગારીના પ્રશ્નને હલ કરવા પ્રયત્ન કરવો.

(૩) આ ગામોની મુલાકાતથી જાણવા મળ્યું છે કે આ વિસ્તારને "સ્પેશિયલ પેકેજ યોજના"માં આવરી લઈને પાયાની સુવિધાઓ અંગે સરકારશ્રીએ ધ્યાન આપવુ જોઈએ.

(૪) પુનઃવસવાટ દરમ્યાન મળેલી જમીન અને વસવાટ વગેરેને લગતા હક્કો આ આદિવાસીઓને મળવા જોઈએ.

(૫) આ આખા વિસ્તારનો સઘન સર્વે થવો જોઈએ અને સરકારશ્રીના દફતરે ચોક્કસ આંકડાકીય માહિતી જાય તેવા પ્રયત્નો કરી આ માહિતી આધારે આ સમગ્ર વિસ્તારના વિકાસ માટે યોજનાઓનું અમલીકરણ કરવું.

(૬) ઉપરોક્ત તમામ ગામોને ત્રણ વિસ્તારમાં આ અભ્યાસ આધારે વહેંચ્યા છે. જેની આ ત્રણેય વિસ્તારને તેની વસ્તી આધારે પોકેટસ, કલસ્ટર તરીકે જાહેર કરવા અમારો સ્પષ્ટ અભિપ્રાય છે.

(૭) બિન આદિવાસી વિસ્તારમાં પુનઃવસવાટ થયેલા આ ગામો મૂળ આદિવાસી વિસ્તારના જ ગામો છે. જેથી તેઓને આદિવાસી જાતિ પ્રમાણપત્ર અંગે જમીનના આધારને મહત્વનો ન ગણી જાતિ પ્રમાણપત્ર આપવા જોઈએ.

ટૂંકમાં વિસ્થાપિતોએ મૂળ સઘન આદિવાસી વસતિ ધરાવતા વિસ્તારના હોઈ, યોજનાને કારણે સ્થળાંતરિત કર્યા છે તેથી આદિવાસી વિસ્તાર અને કુટુંબને મળતા લાભોથી વંચિત ન કરી શકાય, તેથી આ અભ્યાસને આધારે અમારું સ્પષ્ટ મંતવ્ય અને અભિપ્રાય છે કે આ લોકોને આદિવાસી વિસ્તાર કે કુટુંબને મળતા લાભો આપવા સાથે સાથે વસતિ આધારે લઘુવિસ્તાર કે કલ્સ્ટરમાં સમાવેશ કરવો.

# PRIMITIVE TRIBES OF GUJARAT

- CHANDRAKANT UPADHYAYA
- RAVINDRA PANCHOLI

As per the Census of 1991, the population of tribals is 14.92% of the total population of Gujarat. In other words, there is one tribal man per every seventh man. With this, from the country point of view, the rank of Gujarat in respect of tribal population comes fifth. Looking to all these aspects, the tribal population of Gujarat attracts attention. With a view that they can come forward socially, economically and educationally, a number of schemes have been executed by the Government. However, some of the communities among tribals have still not been able to make developments socially, economically, educationally and politically. Such communities have been declared as Aboriginal Groups in the Sixty Five Year Plan by Bharat Government, wherein (1) Kotvaliya, (2) Kathodi, (3) Padhar, (4) Sidi and (5) Kolgha communities are consisted among Primitive Groups (Adim-Jooth).

In the present survey, 643 villages of 12 districts in Gujarat State covering the entire population consisted in Primitive Group (Adim-Jooth) had been surveyed. In surveying, Schedule and Interview process had been employed.

In Schedule, where and how much their population is, proportion of education in them, what sort of occupation they are doing, which Government Assistance Schemes have been availed by them etc. had been covered, so that it can be known what can be done for their progress.

**POPULATION :**

Community-wise inquiry of Primitive Groups showed that their population was among 12 districts of the State. Number of families district-wise were: Kolgha community 8,807 (42.43%), Kotvaliya community 4,897 (23.57%), Padhar 3,358 (16.18%), Kathodi 2,417 (11.69%), and Sidi community 1,272 (6.13%). Their total population was 1,00,639, wherein their were males 51,462 and females 49,177.

With respect to Age-Group, in 0-14 39.79%, in 15-25 18.68%, in 26-50 32.84% and in above 50 only 8.69% of the total population. This meant that life-span in this society is low.

**EDUCATION :**

Totally 73.91% illiteracy was found in Primitive Groups. Education of 10.28% people has been completed. 15.80% people of the total population are receiving education at present. Therein greater number was found in the education upto primary level. Even 1% is not there to receive higher or technical education beyond secondary. Among the main reasons why the children are not going in school, monetary difficulty, reluctance of the parents to get them educated, reluctance of the children to learn etc. were known.

**RESIDENCE :**

Out of the 20,758 families covered under survey, 20,656 (99.51%) families have the building of their own. 74 (0.36%) families are staying in the buildings on rent, whereas the number of families not having their own building was found to be 28 (0.13%). Only 14.71% buildings that were seen were concrete buildings, and 85.29% people were found to be residing in raw buildings, huts or koobas. 16,264 (98.46%) families had one-room buildings, whereas 4,062 (19.59%) families had two-rooms buildings and only 404 (9.95%) families were found to be having more than two-rooms buildings.

**HEALTH :**

Out of the 1,00,6399 persons of totally 20,758 surveyed families, 448 persons were found to be suffering from various sicknesses, wherein 148 persons had been victims of T.B., 24 Cancer, 699 Asthma, 36 Paralysis, 1 Anaemia, 14 Leprosy, 41 Cataract-Glaucoma, 45 skin diseases and 68 other diseases. Out of these patients only 104 persons had received Government aid for health.

In respect of Nutritious Food Schemes Programme, totally 4,821 families with mother and children below six years had taken advantage of this scheme.

Among Primitive Groups, totally 306 persons were having physical handicaps. Looking to type-wise, 203 persons were found to be lame, 47 blind, 20 deaf & dumb and 36 polio. Looking to the method of treatment 9,145 families were found to be receiving treatment in Government dispensaries, 6,213 families in private dispensaries, whereas 5,400 families to be going to exorcists (Bhagat-Bhoova).

**OCCUPATION :**

In respect of occupation of totally 20,758 families of Primitive Groups, 16,978 (81.80%) families were found to be doing labour work (farm-labour, forest-labour, labour), whereas in agriculture 2,174 (10.47%) families, in fishery 111 (0.54%), in trade and occupation 276 (1.33%), in service 140 (0.67%) and in other various works 1,078 (5.19%) families had joined. Thus the main source of monetary earning is being found as labour work (forest-labour, farm-labour, labour).

**LAND :**

Out of the 20,758 Primitive families, only 17.44% (3,611) families had agricultural land of their own, wherein 1,042 (28.78%) families were holding irrigation (piyat) land and 2,432 (67,16%) families were holding non-irrigation (bin-piyat) land, whereas 147 (4.05%) families had uncultivable barren land.

The families who do farming, have inadequate and absolutely of primary category agricultural equipments.

**INCOME - EXPENSES :**

Out of total Aboriginal families already surveyed, the annual income of 540 (2.60%) families was found to be upto Rs.2,000, whereas in the income group of Rs.2001-4000 2,643 (12.73%) families, Rs.4001-6000 4,990 (24.64%) families, Rs.6001-8000 4,949 (23.84%) families, Rs.8001-10000 3,636 (17.52%) were found, whereas there were only 4,000 (19.27%) families getting annual income of more than Rs.10000.

Out of total 20,758 families, 17,653 (84.96%) families were found to be living under the line of poverty. (Those whose individual monthly expense is Rs.254/- or even less are to be considered below poverty-line. Taking this basis into consideration, this calculation has been made.) Taking into consideration the individual monthly expense of Rs.254/-, it comes to Rs.8.14 per day. It should be thought how they might be maintaining themselves with this amount.

**DEBT :**

Out of the total Primitive Groups families, 3,627 (17.14%) families have been found to be as debtors. With the main reasons of the debts as erection of building, social and religious occasions and livelihood expense, 58.12% people had made debts, whereas behind farming, trade, education and purchase of cattle 11.88% people had undergone debts.

**GOVERNMENT ASSISTANCE :**

Out of the total 20,758 Primitive Groups families only 5,932 (28.58%) families had received Government aid. Out of the families who received aid 55.16% families had received aid for residence, 16.84% for farming, 7.18% for cattle-breeding, 6.09% for poultry-breeding, 3.88% for new occupation and 2.71% people for the purchase of medical aid, service or education.

Out of the families which received this aid, 1,808 (40.48%) families accept that there has been an increase in their income by Government aid.

Out of the total 20,758 Primitive Groups families, 16,957 (81.69%) families had expressed their desire to do another occupation. Over and above traditional occupation, these occupations include occupations also which are new and modern works which are being done by making use of their intelligence.

**GIST :**

(1) Among the total population 1,00,639 of Primitive Groups, 73.91% illiteracy has been found.

(2) Out of the total surveyed families, 99.51% families have their own building. 0.36% families reside in the buildings on rent, whereas the number of families not having their own building was found to be 28 (0.13%).

(3) Out of the total population of Primitive Groups, 448 persons had been found suffering from various sickness. Out of them, only 104 persons had got aid for health from the Government.

(4) Out of the 20,758 families of Primitive Groups, 17,653 (84.96%) families had been found to be living under poverty-line.

(5) Out of the total Primitive Groups families, 16,978 (81.80%) families were dependent only on labour (farm-labour, forest-labour, labour).

(6) Out of the total families, only 3,621 (17.44%) families had their own land. Among land owner, 1,042 (28.78%) families holding irrigation land were found.

(7) Out of the total families 16,957 (81.69%) families had expressed their desire to do new occupation. Over and above the traditional occupation, they had expressed their desire to do new and modern occupation also.

**SUGGESTIONS :**

(1) In Ashramshala, children of Primitive Groups should be given priority in admission.

(2) As these people go out of their villages for labour, they are unable to educate their children. In these areas, separate Ashramshala should be opened for Primitive Groups.

(3) The residences that are being prepared by the Government for Primitive Groups should be suitable for their tradition. For this, by contacting Primitive Groups, their suggestions about the erection of the building and occupation should be taken.

(4) On Primitive Groups area, after taking into consideration distance along with the population, primary health centres, sub-centres should be raised. Along with this, peripatetic dispensaries should be raised or voluntary organisations should be encouraged to organize such dispensaries by monetary aid.

(5) The rates of wages that have been fixed by the Government should be got executed strictly. Besides this,

(6) Over and above the traditional occupation, if view and modern occupations are taught to them, they will undoubtedly be able to become monetarily self-supporting.

(7) If the necessary means along with subsidy and training for the new occupation that they have desired to start are given to them, their progress will be able to take place.

# SUMMARY OF THE SURVEY STUDY IN RESPECT OF POWERS, PRIVILEGES, DUTIES AND IMPORTANCE OF GRAM SABHA IN CONTEXT OF GUJARAT PANCHAYAT ACT, 1993

- **DR. REKHA K. MEHTA**

"The quality of our national life is ultimately decided by how is the life in our villages. It is only in Gram Sabhas that the rural poor, women and common men get opportunity, in a transparent and responsible environment, to participate effectively in the decisions affecting their life. That is why it is necessary to make herculean efforts to make Gram Sabhas and other Panchayatiraj Institutions well-equipped by entrusting them the powers effectively, by cultivating their efficiencies by giving them the requisite training and by handing over to them the financial and other responsibilities.

I hope that by announcing 1990-2000 as "Gram Sabha Year" Panchayatiraj Institutions will work effectively and become the living conductors of self-independence."

Our President Shri K.R. Narayanan had uttered the above words on the occasion of Gram Sabha Year. The year 1999-2000 has been declared by Bharat Government as Gram Sabha Year. In that context, the Centre has been suggested by the Development Commissioner, Gandhinagar, to undertake a survey study in respect of the Powers, Privileges, Duties and Importance of Gram Sabha under Gujarat Panchayat Act, 1993.

The area, aims and research methods and techniques etc. are as under:

**AREA OF STUDY :**

As the survey study is to be made in respect of the whole of Gujarat, the following districts have been selected for study such that the representation of entire Gujarat may be maintained:

| | | |
|---|---|---|
| (1) | South Gujarat | Valsad District and Navsari District |
| (2) | Central Gujarat | Vadodara District |
| (3) | North Gujarat | Sabarkantha District |
| (4) | Saurashtra | Junagadh District |
| (5) | Kutch | Kutch District |

**Note :** Navsari is now a separate district and as Vansda is situated therein, to be treated as the sixth district.

Thus in all six districts have been selected. From each district, two talukas have been taken for study and from each taluka five-five villages have been selected for study. These talukas and their villages are as under:

(1) Valsad and Navsari District:

| Valsad Taluka | Vansda Taluka |
|---|---|
| 1. Abram | 1. Vadichonda |
| 2. Marla | 2. Dhodmal |
| 3. Ronvel | 3. Keliya |
| 4. Tithal | 4. Kardej |
| 5. Pardi Parnera | 5. Pipalkhed |

(2) Vadodara District

| Vadodara Taluka | Chhotaudepur Taluka |
|---|---|
| 1. Chhani | 1. Ronvad |
| 2. Dashrath | 2. Ghelvant |
| 3. Sakarda | 3. Ghanghoda |
| 4. Kalyanpur | 4. Singla |
| 5. Undera | 5. Gabadiya |

(3) Sabarkantha District.

| Himatnagar Taluka | Khedbrahma Taluka |
|---|---|
| 1. Pural | 1. Lakshmipura |
| 2. Bavsar | 2. Kalor |
| 3. Hadiyol | 3. Poshina |
| 4. Takhatgadh | 4. Kajavas |
| 5. Nikoda | 5. Ambamahuda |

(4) Junagadh District

| Vanthali Taluka | | Talala Taluka | |
|---|---|---|---|
| 1. | Barvad | 1. | Vadla |
| 2. | Ravuni | 2. | Virpur |
| 3. | Dhandhusar | 3. | Borvav |
| 4. | Balot | 4. | Samsher |
| 5. | Navlakhi | 5. | Gariyavad |

(5) Cutch District

| Mandvi Taluka | | Bhuj Taluka | |
|---|---|---|---|
| 1. | Motibamja | 1. | Bhoojodi |
| 2. | Moti Raman | 2. | Deshalpur |
| 3. | Bhinkhara | 3. | Chhachhla |
| 4. | Durgapur | 4. | Vadasar |
| 5. | Janakpur | 5. | Golpar |

Thus the villages as above have been taken for study and from each of the villages five village persons and five members of Gram Panchayat have been taken as Repliers (Respondents). The Repliers are selected in such a way as to include representation of lack community such as Scheduled Castes, Scheduled Tribes, Bakshi Panch and General. The information has been obtained regarding Gram Sabha by personally meeting ten Repliers from each village, that is totally 500 Repliers from 50 villages and by filling up the Schedules.

**AIMS OF STUDY :**

(1) To inquire whether Gram Sabhas are really being held in different areas of the State.

(2) In certain villages Gram Sabhas are not being held. So to know the reasons of the same and suggest the remedies.

(3) To inquire whether there is awareness about Gram Sabha among village people.

(4) Whether Gram Sabha also can satisfy the expectations of village people? To examine this and to find out in what way the work can be taken from them as a basic institution.

(5) To inquire whether the women and the depressed are taking part in Gram Sabha or not.

(6) To obtain suggestions for the rural people for taking more and more interest in Gram Sabha.

**METHODS AND TECHNIQUES OF STUDY :**

In the whole of this study, for the secondary information, Library Method had been utilized. Knowledge about the subject was achieved on the use of Library Method by reading literature concerning the figures of Census, details about districts, about the 73rd Constitutional Amendment and Panchayatiraj etc.

For primary details, information was gather during their field work by the use of schedules, observation, interview and technique and by remaining present in certain meetings of Gram Sabha.

**CHAPTERIZATION :**

The entire study pertaining to Gram Sabha has been presented in all 8 Chapters.

In the first chapter, a historical background of Panchayatiraj has been given, along with the area of study, aims, methods, chapterization etc.

In the second chapter, the discussion about the 73rd Constitutional Amendment is there.

The third chapter is on Gram Sabha.

The fourth chapter is regarding the social and economical condition of village people.

The fifth chapter is about socio-economic condition of the members of Gram Panchayat.

In the sixth chapter, the attitudes, views etc. of the village people about Gram Sabha have been pointed out.

In the seventh chapter, the attitudes and views of the members of Gram Panchayat about Gram Sabha have been pointed out.

In the eighth chapter, summary and suggestions have been placed.

The summary and suggestions of the study are as under:

**SUMMARY :**

(1) At the end of survey study of Gram Sabha in five districts of Gujarat, it has been known that most of (about 80 per cent) the Repliers do know more or less about Gram Sabha, but very few Repliers were found who had exact information, whereas 20 per cent Repliers did not know anything about Gram Sabha.

(2) It was known that Gram Sabhas are being held in certain villages under study. Gram Sabhas held in certain villages were actually attended also. But it was known that still in the remote areas and in the backward areas Gram Sabhas are not being held regularly. By taking certain areas, the Sarpanch and Talati inform that Gram Sabhas were held. People are still lagging behind in education and do not know the law properly. Also people, officers, Sarpanch and Talati do not take interest in holding Gram Sabha. Hence it was known that in some villages Gram Sabhas are not being held. It is the complaint of the people that "we are not going because nothing is being done for us." Consequently, the proportion of the Repliers who go regularly in Gram Sabha is low, whereas the Repliers going casually are more.

(3) People are informed about the Sabha by the peon one week before the Gram Sabha is to be held.

(4) Whenever we attended Gram Sabha and observed its working, we found that about 50 to 60 people remain present in Gram Sabha. In Gram Sabha, all the communities and all men and women are being given

opportunity for speaking, and where there is awakening in people, all take part in the discussions about their problems.

(5) However, ladies still do not take much part in Gram Sabha as they experience hesitation in taking part in the discussions. Sometimes they are unable to speak in presence of the elders. They observe modesty. In the village named Chhachhla at the extreme of Kutch, the ladies did not come at all in Gram Sabha. During the concern of our field work we had been to their village in Gram Sabha. On inquiry with their leaders we came to know that here in the society the ladies do not come with males in public. They observe modesty and hence they do not come. Only the lady Sarpanch had come. In other communities also ladies will still take time in coming in public. However, some ladies remain present at Gram Sabha. They take part in the discussions and discuss about the problems. For example, there was a complaint about health centre in most of the villages. At certain places there is no accommodation of health centre at all, whereas in certain villages the health centre is there, but the doctor or nurse is not there. Hence, particularly ladies, at the time of delivery, experience great difficulty in getting vehicle and reaching in time to the nearest town. Another complaint of the ladies was about drinking water. For this, they have to fetch water from a distant place. There are hand-pumps in certain villages but they are very few. They are not enough.

(6) In some villages, on account of Gram Sabha, people of all communities were found sitting together and discussing. Harijans were also found to have been allowed to sit with them and discuss the problems of the village cooperatively. However, it was known that in certain villages still untouchability is observed with even Harijan Sarpanch.

(7) Where Gram Sabhas are held regularly, they are held at least twice a year (May and November). Moreover, in unavoidable circumstances if necessary, Gram Sabhas are held more than twice, whereas in certain villages it was known that, Gram Sabhas are held every month, but their proportion is very less.

(8) In order to make Gram Sabha more active, its meetings should take place regularly, and Gram Sabha should be arranged by informing all the members about the same, at their convenient time and place.

(9) 95.6 per cent Repliers inform that the people have benefited as the development works have taken place on account of Gram Sabha.

(10) Administration of Gram Sabha is being done by Sarpanch, and in his absence by Up-Sarpanch.

(11) In Gram Sabha all the members of Gram Panchayat remain present. Sometimes it happens that due to some circumstances certain member may be absent.

(12) 60.8 per cent Repliers inform that Gram Sabha is held during the day time, whereas 39.2 per cent Repliers inform that they are held at night.

(13) 60 per cent Repliers inform that the points to be discussed in Gram Sabha are decided in advance. 40 per cent Repliers do not know about this.

(14) The Repliers say that in case of any quarrel or mischief in Gram Sabha, the leaders of the village and elders adopt a way of settlement by persuasion.

(15) For quorum in Gram Sabha, the required number of voters present is 50 voters or 10 per cent of the total number of voters, whichever is lesser in the two. If the quorum does not take place, Gram Sabha is postponed and is kept again on the next day, which is informed by the Repliers. But sometimes it is not also arranged, because whether Gram Sabha is to be held or not rests with the will of Sarpanchs and Talatis.

Thus on the whole it appears by the study of entire Gujarat that people know somewhat about Gram Sabha and at some places Gram Sabhas are held and at some places they are not held. However, much remains to be done still about this. Particularly where education is less, it is necessary to awaken the people, to make them interested in Gram Sabha and give them

deeper understanding about Gram Panchayat. Besides this, if Sarpanch, Talati and Members of Gram Panchayat and other officers become little more active, the works of Gram Sabha will be made better. It is necessary that people also become active and take interest and give co-operation. If it is necessary, attendance should be made compulsory, that is it should be resolved that whose attendance is regular should be given other benefits so that people may come to Gram Sabha.

At the end of survey study on Gram Sabha, the following are the suggestions:

(1) To give more understanding and knowledge about Gram Sabha to the people. It is necessary to provide them full details and information by the authentic officers regarding the Government Schemes which are meant for them. It is necessary to give house-to-house training in the village.

(2) Sarpanch and Talati should announce to the people of the village that Gram Sabha is to be held. At some places, ladies are not informed to come in Gram Sabha, taking for granted that they will not be able to come as they have much work in the house. This is not proper. Also some of the backward and poor persons who might have gone on labour are also not informed. This means that those who have met know about this and those who are not present never come to know about this. By becoming more careful it is necessary to take care to see that every one is informed.

(3) In some villages, in Gram Sabha, certain leaders treat the meeting as held up by putting their necessary signatures. All the people should be called in Gram Sabha. Programme should be decided after discussions. This does not happen.

(4) Through Gram Sabha, the development works of the village are being carried out in a good way. But some times partial behaviour is found, and instead of giving benefit to some poor and backward people, the work of the people who are able to give money is being done. Attention should be paid to this. The needy persons should be given benefit first.

People's works are not being done, hence people also do not find any interest in Sabha. When officers attend Gram Sabhas, its effect is definitely on the working of the Sabha. Working of the Sabha if they are present, takes place in order. If their presence is not there, slackness is found in the work of the Sabha.

(5) The Repliers desire that Gram Sabha should be held per village. Gram Sabha should not be held with the Group Panchayats of more than one village, because every village has its own separate problems. Besides this, Talati is also only one for four-five villages, hence he is not able to cope up with all the villages. People say that if each village has a separate Talati, by giving us time he can do our work better. Hence Talati should be entrusted only one or two villages.

(6) Sarpanch should have taken at least primary education, so that he can manage the work in a better way.

(7) Lady Sarpanch should try to do herself all administration by understanding and by receiving training. If she does not know, he can ask the husband sometimes, but it should not be that everything should be done by the husband.

(8) Still Sarpanchs have insufficient knowledge and understanding in some matters. They still require more training and guidance. It is more desirable that the training may be arranged in the local place.

(9) Taluka officers should make efforts to go to the villages from time to time, to know the problems and difficulties by the people and solve them.

The help and co-operation of local people also. But this work can be easily done only if by calling Gram Sabha regularly people and officers may mutually meet and remain in contact.

(10) Thus, if Democracy is to be made successful, people themselves should be more and more awakened and should remain present at Gram Sabha, should be co-partners in the issues of the villages. If Panchayatiraj is

to be made more systematic and successful, it is necessary that Gram Sabha should be held regularly. With a view to make Gram Sabha more orderly, if all Taluka and District Officers and staff workers, by doing good planning at Taluka level, would work by taking more interest and care, then development will undoubtedly take place in Gujarat.

# આદિવાસી પર થતા અત્યાચાર

અહેવાલ લેખન : દિલીપભાઈ પરમાર

આદિવાસી ઉપરના અત્યાચારની ઘટનાઓ આજકાલ સામાન્ય ઘટનાઓની જેમ બનવા માંડી છે. હિન્દુસ્તાનનો સામાજિક ઢાંચો એ જાતિ આધારિત છે. તેમાં એક બીજી જાતિ સાથે સામાજિક સ્તરીકરણ જોવા મળે છે. સર્વત્ર થતુ આવ્યું છે તે પ્રમાણે ઉપરનું મોટું અને નાના વર્ગ કે સમુહનું શોષણ કરે છે. ભારતમાં અને ગુજરાતમાં આદિવાસીઓ પર થતા અત્યાચારોએ પણ એક શોષણનો જ ભાગ છે.

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની સામાજિક- આર્થિક સ્થિતિ સુધારવા અનેક પગલાં લેવાયા છે. તેમના અનેક ગુના/અપમાનો અનાદર અને કનડગત ભોગવવી પડે છે. ક્રુર બનાવોમાં તેઓને તેમની જીંદગીથી અને મિલ્કતોથી વંચિત કરવામાં આવે છે. અનેકવિધ ઐતિહાસિક સામાજિક અને આર્થિક કારણોસર તેમની સાથે વિવિધ અપરાધો જોવા મળે છે. શિક્ષણ વગેરેના પ્રસારથી અનુસૂચિત જનજાતિઓમાં જાગૃતિ આવી છે. તેઓ તેમના હક્કોનો દાવો કરવા પ્રયત્નશીલ રહ્યા છે.

સરકારશ્રીએ ૧૯૫૫ના મૂળ ફાયદામાં નાગરિક સંરક્ષણ ધારાને સુધારા વધારા કરીને ૧૯૮૯ નવા કાયદા પ્રમાણે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર થતા અટકાવવા) અધિનિયમ-૧૯૮૯નો અમલમાં આવ્યો અને આ અનુસંધાને કેટલીક જગ્યાએ આદિવાસી પર થતા અત્યાચાર અંગેનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**ક્ષેત્રકાર્ય :**

સાબરકાંઠા, પંચમહાલ અને વડોદરા જિલ્લાના તકેદારી અધિકારીશ્રીની કચેરીમાં નોંધાયેલા કેસો લેવામાં આવ્યા હતા. તેમાંથી અમુક કેસો પસંદ કરીને ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું. જેવાંકે છેડતીનો કેસ, આંતર જ્ઞાતિય લગ્ન (પટેલ અનુ.જનજાતી) મારામારીના કેસો, બળાત્કારના કેસો વગેરેની વિસ્તૃત માહિતી એકત્રિત કરીને અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

**અભ્યાસ આધારિત અત્યાચારના કારણો :**

સામુહિક જીવનના કોઈપણ સંઘર્ષ પ્રસંગના પાસા ઉપર આપણે દ્રષ્ટિ કરીએ તો તેમાં આપણને સંઘર્ષાત્મક સ્વહિતોની જટિલ ગૂંથણી જોવા મળે છે. પછી તે આંતરરાષ્ટ્રીય પ્રસંગ હોય, રાજકારણનો પ્રસંગ હોય, આર્થિક જીવનનો પ્રસંગ હોય, જાતિગત સવાલ હોય, માલિક મજૂરના પ્રશ્નો હોય કે પછી ધાર્મિક હિતની વાત હોય.

અહીં આપણે આવા સંઘર્ષોના કારણો જોવાથી ખરેખર સાચી હકીકત જાણવા મળે છે.

(૧) આર્થિક

(૨) ધાર્મિક

(૩) સત્તાની ખેચતાણનું રાજકારણ

(૪) પરસ્પર વિરોધી અને સામાન હિતો

(૫) સામાજિક અને સાંસ્કૃતિ કારણો

(૬) વિકાસના પ્રયત્નોની આડઅસર

**અત્યાચાર અટકાવવાનો સુઝાવ :**

અત્યાચાર એ એક સામાજિક સમસ્યા છે તે કોઈપણ સ્વરૂપે તે આવકાર્ય નથી. આવા અત્યાચારો મહદ્અંશે નબળા અને પછાત વર્ગો ઉપર બળવતર અને જોરૂકા વર્ગો દ્વારા થતા હોય છે. અત્યાચારો નિવારણ અંગેના ઉપાયો કરવામાં આવે તો અત્યાચારો મંદગતિએ આવી શકે.

- શિક્ષણનું પ્રમાણ વધારવું.
- અનુસૂચિત જનજાતિમાં જાગૃતિ લાવવી.
- વધતું જતું શહેરીકરણ
- સંદેશા વ્યવહારની ઝડપી વિકાસ
- ઔદ્યોગિકરણ

આદિવાસી ઉપર થતા અત્યાચારોની સમસ્યાના નિરાકરણ માટે શું કરી શકાય તે તાત્કાલીક સમાય છે.

(૧) અનુસૂચિત જનજાતિ પર થતા અત્યાચારો રોકાવવા માટે આર્થિક રીતે આત્મનિર્ભર આવશયક છે.

(૨) નાગરિક સંરક્ષણ અંગેના જયાં કેશો થયા હોય ત્યાં ફરિયાદ મળે વિના વિલંબે વ્યવસ્થા કરવી.

(૩) સંવેદનશીલ ગામ કે વિસ્તાર હોય ત્યાં વારંવાર પોલીસ પેટ્રોલીંગ થવું જોઈએ.

(૪) અત્યાચારના કિસ્સામાં જવાબદાર પરિબળોને યોગ્ય શિક્ષા મહત્વના પુરાવાના અભાવે થતી નથી તે પુરાવા જવાબદાર પોલિસ અધિકારી મારફતે એકત્ર કરવા.

(૫) નાયબ પોલિસ સુપ્રિ. દ્વારા જ અત્યાચારના કેસોની તપાસ થવી જોઈએ.

(૬) અત્યાચારના કિસ્સાઓમાં જરૂર લાગે ત્યાં ગુંડાધારાનો પણ અમલ કરવો જોઈએ.